नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૪

# नंदीसूत्र

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]


'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૪૪

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૪૪) નંદીસૂત્ર

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

**જૈનમુનિ ડો૦ દીપરત્નસાગર** [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob** **Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૪૪ ‘નંદીસૂત્ર’

## ચૂલિકા સૂત્ર- ૧ ગુજરાતી ભાવાનુવાદ


ક્યાં શું જોશો ?

| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | અર્હંત-સંઘ આદિ સ્તુતિ | ૦૬ | ૫ | બુદ્ધિના આઠ ગુણો - શ્રુત ગ્રહણ | ૪૦ |
| ૨ | જ્ઞાનના વિવિધ ભેદો | ૧૧ | ૬ | અનુજ્ઞા નંદી | ૪૧ |
| ૩ | બાર અંગસૂત્રોનો પરિચય | ૨૯ | ૭ | જોગ નંદી | ૪૨ |
| ૪ | દ્વાદશાંગી આરાધના-વિરાધના | ૩૮ | --- | ------------------------ | --- |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह** (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

| | |
|---|---|
| 1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) | 518 |
| 2-આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) | 085 |
| દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય | 603 |

# [૪૪] નંદીસૂત્ર

## ચૂલિકા સૂત્ર-૧- ગુજરાતી ભાવાનુવાદ

**સૂત્ર-૧**

ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યરૂપ સંસારના તથા જીવોની ઉત્પત્તિ સ્થાનના જ્ઞાતા, જગદ્‌ગુરુ સન્માર્ગદાતા), ભવ્ય જીવોને આનંદ દેનારા, સ્થાવર અને જંગમ પ્રાણીઓના નાથ, વિશ્વબંધુ, ધર્મના ઉત્પાદક હોવાથી દરેક જીવોના ધર્મ પિતામહ સમાન અરિહંત ઋષભદેવ ભગવાનનો સદા જય હો, સદા જય હો.

**સૂત્ર-૨**

સમગ્ર શ્રુતજ્ઞાનના ઉદ્‌ગમરૂપ મૂળસ્ત્રોત (મહાવીર સ્વામી) જયવંત થાઓ. વર્તમાન અવસર્પિણી કાળના ચોવીસ તીર્થંકર પૈકી અંતિમ તીર્થંકર જયવંત થાઓ. જગદ્‌ગુરુ, મહાત્મા મહાવીર સદા જયવંત હો.

**સૂત્ર-3**

વિશ્વમાં જ્ઞાનનો ઉદ્યોત કરનારા, પ્રભુનું કલ્યાણ થાઓ,
રાગદ્વેષ રૂપ શત્રુઓના વિજેતા જિનેશ્વરનું કલ્યાણ થાઓ.
દેવો અને દાનવો દ્વારા વંદિત પ્રભુનું કલ્યાણ થાઓ
અને કર્મરૂપ રજથી વિમુક્ત એવા ભગવાન મહાવીર સ્વામીનું સદા કલ્યાણ થાઓ.

**સૂત્ર-૪**

ગુણરૂપી ભવ્ય ભવનોથી યુક્ત, શ્રુત જ્ઞાનરૂપ રત્નોથી પરિપૂર્ણ, વિશુદ્ધ સમ્યક્‌ત્વ રૂપ શેરીઓથી સંયુક્ત, અતિચાર રહિત અખંડ ચારિત્રરૂપ કિલ્લાથી સુરક્ષિત છે એવા હે સંઘનગર! આપનું સદા કલ્યાણ થાઓ.

**સૂત્ર-૫**

સત્તર પ્રકારનો સંયમ એ સંઘરૂપ ચક્રની નાભિ છે.
છ પ્રકારનું બાહ્ય તપ અને છ પ્રકારનું અભ્યંતર તપરૂપ સંઘચક્રના બાર આરા છે.
સંઘરૂપ ચક્રનો ઘેરાવો અર્થાત્ પરિધિ સમ્યક્‌ત્વ છે.
એવા ચક્રની ઉપમાયુક્ત સંઘને નમસ્કાર હો. જે પ્રતિચક્રથી રહિત છે એટલે અદ્વિતીય-અતુલનીય છે એવા ચક્રરૂપ સંઘનો સદા જય હો.

**સૂત્ર-૬**

સંઘરૂપ રથની ઉપર અઢાર હજાર શીલગુણ રૂપ ઊંચી ધ્વજાઓ ફરકે છે, તેમાં તપ અને સંયમરૂપ અશ્વ જેમાં જોડાયેલા છે;

વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાયનો મંગલમય મધુર ધ્વનિ જેમાં નીકળી રહ્યો છે, એવા તે રથરૂપ સંઘ ભગવાનનું સદા કલ્યાણ થાઓ.

**સૂત્ર-૭, ૮**

કર્મરજ રૂપ કાદવ અને જળાશયના જળથી ઉપર ઊઠેલ અર્થાત્ અલિપ્ત, શ્રુતરત્ન રૂપ દીર્ઘ નાળયુક્ત, પાંચ મહાવ્રત રૂપ સુદૃઢ કર્ણિકા યુક્ત, ગુણ-ક્ષમા, માર્દવ, આર્જવ, સંતોષ આદિ ગુણરૂપ પરાગથી યુક્ત,

ભાવિક શ્રાવક ગણ રૂપ ભમરાઓથી ઘેરાયેલ, તીર્થંકર ભગવાનરૂપ સૂર્યના કેવળજ્ઞાન રૂપ તેજથી વિકસિત,

શ્રમણગણ રૂપ હજારો પાંખડીઓવાળા, એવા પદ્મકમળરૂપ સંઘનું સદા કલ્યાણ થાઓ.

**સૂત્ર-૯**

તપ પ્રધાન સંયમરૂપ મૃગચિહ્ન અંકિત, અક્રિયાવાદ આદિ વિવિધ મતમતાંતર રૂપ રાહુ પ્રમુખ ગ્રહોથી ગ્રસિત ન થનાર, સદા નિરાબાધ, દર્શનમોહ-મળથી રહિત, સ્વચ્છ, નિર્મળ, નિરતિચાર, સમ્યક્‌ત્વરૂપ ચાંદનીથી સુશોભિત છે,

એવા ચંદ્રરૂપી સંઘનો સદા જય થાઓ.

**સૂત્ર-૧૦**

અન્ય મતમતાંતર રૂપ ગ્રહ વગેરેની પ્રભાને નિસ્તેજ કરનાર, પોતાના તપ સંયમના તેજથી દેદીપ્યમાન કાંતિ વાળા, જ્ઞાનરૂપ પ્રકાશને ફેલાવનાર અને અજ્ઞાન અંધકારને દૂર કરનાર,

વિષય-કષાય રૂપ અવગુણોને દૂર કરનાર એવા ઉપશમ પ્રધાન સૂર્યરૂપી સંઘનું સદા કલ્યાણ થાઓ.

**સૂત્ર-૧૧**

જે ધૃતિ અર્થાત્‌ મૂળ ગુણ અને ગુણથી વૃદ્ધિ પામતા આત્મિક પરિણામ રૂપ જળરાશિની વેલાથી પરિ-વ્યાપ્ત છે, સ્વાધ્યાય અને શુભ યોગરૂપ મગરમચ્છથી યુક્ત છે,

પરીષહ અને ઉપસર્ગ આવવા છતાં ક્ષુબ્ધ ન થતા નિષ્કંપ અને નિશ્ચલ રહે છે અને જે કર્મવિદારણામાં મહાશક્તિશાળી છે. એવા ઐશ્વર્યયુક્ત વિશાળ સમુદ્રરૂપી સંઘ ભગવાનનું સદા કલ્યાણ થાઓ.

**સૂત્ર-૧૨ થી ૧૭**

૧૨. સંઘરૂપ સુમેરુમાં સમ્યગ્‌દર્શન રૂપી શ્રેષ્ઠ વજ્રમય, નિષ્કંપ, ચિરકાલીન, મજબૂત અને ઊંડી આધારશિલા છે. તે શ્રુતધર્મ રૂપી શ્રેષ્ઠ રત્નોથી સુશોભિત છે અને ચારિત્ર ધર્મરૂપી સોનાની તેની મેખલા છે અર્થાત્‌ ભૂમિનો મધ્યભાગ છે.

૧૩. સંઘરૂપ સુમેરુને વિવિધ યમ-નિયમરૂપી સોનાનું શિલાતળ છે જેથી ઉજ્જ્વળ ચમકતા ઉદાત્ત ચિંતન શુભ અધ્ય-વસાયરૂપ, અનેક કૂટોથી યુક્ત છે અને ત્યાં શીલરૂપી સૌરભથી મહેકતું મનોહર નંદનવન છે.

૧૪. સંઘરૂપ સુમેરુમાં જીવદયારૂપ સુંદર ગુફાઓ છે. તે ગુફાઓ કર્મરૂપ શત્રુઓનો પરાજય કરનાર,પરવાદીરૂપ મૃગ પર વિજય પ્રાપ્ત કરવામાં શ્રેષ્ઠ એવા તેજસ્વી મુનિગણ રૂપ સિંહથી આકીર્ણ છે અને

જ્યાં સેંકડો હેતુરૂપ સોના-ચાંદી વગેરે ધાતુ, વહી રહી છે, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ વિવિધ દેદીપ્યમાન રત્નોથી અને આમર્ષોષધિ આદિ ૨૮ લબ્ધિઓરૂપ રહસ્યમય જડીબુટ્ટીઓથી સંઘ સુમેરુ શોભાયમાન છે.

૧૫. સુમેરુ સંવરરૂપ શ્રેષ્ઠ જળના સતત પ્રવાહરૂપ ઝરણાઓથી હીરાના હારની જેમ શોભાયમાન છે. તેમજ શ્રાવકગણરૂપ મયૂરો ધર્મસ્થાન રૂપ રમ્યપ્રદેશોમાં આનંદવિભોર થઈ સ્વાધ્યાય સ્તુતિરૂપ પ્રચૂર ધ્વનિ કરી રહ્યા છે.

૧૬. સંઘરૂપ સુમેરુ પર વિનયગુણથી વિનમ્ર ઉત્તમ મુનિગણ રૂપ સ્ફૂરાયમાન વિદ્યુતથી ચમકતા શિખર સુશોભિત છે. જ્યાં વિવિધ સંયમગુણોથી સંપન્ન મુનિવર જ કલ્પવૃક્ષ છે. જેઓ ધર્મરૂપ ફળ અને વિવિધ રિદ્ધિરૂપ ફૂલોથી યુક્ત છે. એવા મુનિવરોથી ગચ્છરૂપ વન પરિવ્યાપ્ત છે.

૧૭. સંઘરૂપ સુમેરુ પર સમ્યગ્‌ જ્ઞાનરૂપી શ્રેષ્ઠ રત્નોથી દેદીપ્યમાન મનોજ્ઞ નિર્મળ વૈડૂર્યમયી ચૂલિકા છે એવા તે મહામંદર પર્વતરાજ રૂપ સંઘને હું વિનયપૂર્વક નમ્રતા સાથે વંદન કરું છું.

**સૂત્ર-૧૮, ૧૯**

૧. ઋષભદેવ, ૨. અજિતનાથ, ૩. સંભવનાથ, ૪. અભિનંદન, ૫. સુમતિનાથ, ૬. પદ્મપ્રભ સુપ્રભ.,

૭. સુપાર્શ્વનાથ, ૮. ચંદ્રપ્રભ શશી., ૯. સુવિધિનાથ પુષ્પદંત., ૧૦. શીતલનાથ, ૧૧. શ્રેયાંસનાથ,

૧૨. વાસુપૂજ્ય, ૧૩. વિમલનાથ, ૧૪. અનંતનાથ, ૧૫. ધર્મનાથ, ૧૬. શાંતિનાથ, ૧૭. કુંથુનાથ,

૧૮. અરનાથ, ૧૯. મલ્લિનાથ, ૨૦. મુનિસુવ્રત, ૨૧. નમિનાથ, ૨૨. નેમિનાથ, ૨૩. પાર્શ્વનાથ,

૨૪. વર્ધમાન-શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને હું વંદન કરું છું.

**સૂત્ર-૨૦, ૨૧**

ભગવાન મહાવીરના અગિયાર ગણધરો હતા. તે આ પ્રમાણે છે –

૧. ઈન્દ્રભૂતિ ૨. અગ્નિભૂતિ ૩. વાયુભૂતિ ૪. વ્યક્ત ૫. સુધર્માસ્વામી ૬. મંડિતપુત્ર ૭. મૌર્યપુત્ર ૮. અકંપિત ૯. અચલભ્રાતા ૧૦.મેતાર્ય ૧૧.પ્રભાસ.

**સૂત્ર-૨૨**

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ અથવા પાપની નિવૃત્તિરૂપ નિર્વાણપથના પ્રકર્શક, જીવાદિ સર્વે પદાર્થોના પ્રરૂપક અર્થાત્ સર્વ ભાવોના પ્રરૂપક અને કુદર્શનીઓના અહંકારના નાશક,

જિનેન્દ્ર ભગવાન મહાવીરનું શાસન સદા-સર્વદા જયવંતુ થાઓ.

**સૂત્ર-૨૩**

ભગવાન મહાવીર સ્વામીના પંચમ ગણધર અગ્નિવેશ્યાયન ગોત્રી શ્રી સુધર્માસ્વામી હતા.

તેના શિષ્ય કાશ્યપ ગોત્રીય જંબૂસ્વામી થયા. તેના શિષ્ય કાત્યાયન ગોત્રીય પ્રભવસ્વામી થયા

અને તેના શિષ્ય વત્સગોત્રીય શ્રી શય્યંભવ સ્વામી થયા.

તે દરેક યુગપ્રધાન આચાર્ય પ્રવરોને હું દેવવાચક) વંદન કરું છું.

**સૂત્ર-૨૪**

તુંગિક ગોત્રીય યશોભદ્રને, માઢર ગોત્રીય સંભૂતિવિજયને, પ્રાચીન ગોત્રીય ભદ્રબાહુસ્વામીને અને ગૌતમ ગોત્રીય સ્થૂલિભદ્ર સ્વામીને હું વંદન કરું છું.

**સૂત્ર-૨૫**

એલાપત્ય ગોત્રીય આચાર્ય મહાગિરિ અને આચાર્ય સુહસ્તી, ત્યારપછી કૌશિક ગોત્રીય બહુલ અને બલિસ્સહને હું વંદન કરું છું.

**સૂત્ર-૨૬**

હારિતગોત્રી આચાર્ય સ્વાતિ અને શ્યામાર્યને હું વંદન કરું છું. ત્યારપછી કૌશિક ગોત્રીય શાંડિલ્ય અને આર્ય જીતધરને હું વંદન કરું છું.

**સૂત્ર-૨૭**

પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ ત્રણે દિશાઓમાં રહેલ લવણસમુદ્રના ત્રણ ભાગોમાં ખ્યાતિ પ્રાપ્ત તેથી વિવિધ દ્વીપ અને સમુદ્રોમાં પ્રધાનતા પ્રાપ્ત, ક્યારેય પણ ક્ષુબ્ધ ન થતા સમુદ્રની સમાન ગંભીર આર્ય સમુદ્રને હું વંદન કરું છું.

**સૂત્ર-૨૮**

કાલિકસૂત્રની પ્રતિદિન સ્વાધ્યાય કરનાર, શાસ્ત્રાનુસાર ક્રિયા કલાપ કરનાર, ધર્મધ્યાનમાં સંલગ્ન,

જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ રત્નત્રયના ગુણોને દીપાવનાર અને શ્રુતસાગરના પારગામી તેમજ ધીરતા આદિ ગુણોની ખાણ, આચાર્યશ્રી આર્યમંગુ મહારાજને હું નમસ્કાર કરું છું.

**સૂત્ર-૨૯**

આર્યધર્મ મહારાજને, ત્યારબાદ આચાર્યશ્રી ભદ્રગુપ્ત મહારાજને હું વંદન કરું છું.

ત્યારબાદ તપ, નિયમ-સંયમ આદિ ગુણોથી સંપન્ન વજ્ર સમાન દૃઢ આચાર્યશ્રી આર્ય વજ્રસ્વામીને હું વંદન કરું છું.

સૂત્ર-૩૦

જેઓએ દરેક સંયમી મુનિઓની અને પોતાના ચારિત્રની રક્ષા કરી તથા જેઓએ રત્નોની પેટી સમાન અનુયોગની રક્ષા કરી તે તપસ્વીરાજ આચાર્ય શ્રી આર્યરક્ષિતને હું વંદના કરું છું.

સૂત્ર-૩૧

જ્ઞાન, દર્શન, તપ અને વિનયાદિ ગુણોમાં સદા ઉદ્યમવંત અને રાગ-દ્વેષ રહિત પ્રસન્નમના આદિ અનેક ગુણોથી સંપન્ન, આર્ય નંદિલ ક્ષમાશ્રમણને હું મસ્તક નમાવીને વંદન કરું છું.

સૂત્ર-૩૨

જે પ્રશ્નોના  પ્રદાન કરવામાં નિપુણ, ભાંગા બનાવવાની પદ્ધતિના વિશિષ્ટ જ્ઞાતા તેમજ કર્મપ્રકૃતિ-કર્મ સિદ્ધાંતમાં અર્થાત્ તેની વિશેષ પ્રકારે પ્રરૂપણા કરવામાં પ્રધાન એવા

આચાર્ય નંદીલ ક્ષમાશ્રમણના પટ્ટધર શિષ્ય આચાર્યશ્રી આર્યનાગહસ્તીનો વાચકવંશ યશોવંશની માફક અભિવૃદ્ધિ પામે.

સૂત્ર-૩૩

ઉત્તમ જાતિની અંજન ધાતુ તુલ્ય કાંતિવાન અને પાકેલી દ્રાક્ષ તેમજ નીલકમળ અથવા નીલમણિ સમાન કાંતિવાન, આર્ય રેવતી નક્ષત્રનો વાચકવંશ વૃદ્ધિ પામો.

સૂત્ર-૩૪

જે અચલપુરમાં દીક્ષિત થયા હતા અને કાલિકશ્રુતની વ્યાખ્યા કરવામાં નિપુણ હતા તેમજ જેણે ઉત્તમ વાચક પદને પ્રાપ્ત કર્યુ હતું એવા બ્રહ્મદ્વીપિક શાખાથી ઉપલક્ષિત શ્રી સિંહ આચાર્યને હું વંદન કરું છું.

સૂત્ર-૩૫

જેનો આ અનુયોગ એટલે સૂત્રાર્થની વાચના આજે પણ સ્તુતિ કરનાર દેવવાચકના સમયમાં દક્ષિણાર્દ્ધ ભરત-ક્ષેત્રમાં પ્રચલિત છે તેમજ ઘણા નગરોમાં તેનો યશ ફેલાયેલો છે, તે સ્કંદિલ આચાર્યને હું વંદન કરું છું.

સૂત્ર-૩૬

શ્રી સ્કંદિલ આચાર્ય પછી હિમાલય સમાન વિસ્તૃત ક્ષેત્રમાં વિચરણ કરનાર અથવા મહાન વિક્રમશાળી, અસીમ ધૈર્યવાન અને પરાક્રમી, સુવિશાળ સ્વાધ્યાયના ધારક,

આચાર્યશ્રી સ્કંદિલના સુશિષ્ય આચાર્યશ્રી હિમવાનને હું મસ્તક નમાવીને વંદન કરું છું.

સૂત્ર-૩૭

કાલિકસૂત્રો સંબંધી અનુયોગના ધારક, ઉત્પાદ આદિ પૂર્વોના જ્ઞાતા, હિમવંત પર્વત સદશ મહાન ક્ષમાશ્રમણ, વિશિષ્ટ જ્ઞાની નાગાર્જુનાચાર્યને હું ભાવથી વંદન કરું છું.

સૂત્ર-૩૮

મૃદુ, કોમળ, આર્જવ વગેરે ગુણોથી સંપન્ન, દીક્ષા પર્યાયના ક્રમથી અથવા સૂત્ર અધ્યયનના ક્રમથી વાચકપદને પ્રાપ્ત થયેલ, ઓઘ શ્રુત અર્થાત્ ઉત્સર્ગ વિધિનું સમ્યક્ પ્રકારે આચરણ કરનાર એવા

વિશિષ્ટ ગુણસંપન્ન શ્રી નાગાર્જુન વાચકને હું નમસ્કાર કરું છું.

સૂત્ર-૩૯ થી ૪૧

૩૯. જેના શરીરનો વર્ણ તપાવેલ ઉત્તમ સોના જેવો, સોના જેવા વર્ણવાળો ચંપક પુષ્પ જેવો અથવા ખિલેલા ઉત્તમ કમળની પરાગ જેવો પિત્ત વર્ણ હતો. જે ભવ્ય પ્રાણીઓના હૃદયમાં વસી ગયા હતા. જે જનસમૂહમાં દયાનો

ગુણ ઉત્પન્ન કરાવવામાં વિશારદ, ધૈર્યગુણ યુક્ત હતો....

૪૦. દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના યુગપ્રધાન, વિવિધ પ્રકારના સ્વાધ્યાયના પરમ વિજ્ઞાતા, સુયોગ્ય સાધુઓને યથોચિત્ત સ્વાધ્યાય, ધ્યાન અને વૈયાવૃત્ત્ય આદિ શુભકાર્યોમાં નિયુક્ત કરનારા અને નાગેન્દ્ર કુળની પરંપરાને વધારનારા હતા.

૪૧. દરેક પ્રાણીને ઉપદેશ આપવામાં નિપુણ, ભવરૂપ ભીતિને નષ્ટ કરનારા અર્થાત્ શીઘ્ર મુક્તિગામી આચાર્યશ્રી નાગાર્જુન ઋષિના શિષ્ય ભૂતદિન્ન આચાર્યને હું વંદન કરું છું.

### સૂત્ર-૪૨

નિત્ય અને અનિત્યરૂપથી વસ્તુ તત્ત્વને સમ્યક્ રીતે જાણનારા અર્થાત્ ન્યાયશાસ્ત્રના ગણમાન્ય પંડિત, સુવિજ્ઞાત સૂત્રાર્થને ધારણ કરનારા અને ભગવત્ પ્રરૂપિત સદ્‌ભાવોને યથાતથ્ય પ્રકાશનારા એવા

શ્રી લોહિત્ય નામના આચાર્યને હું પ્રણામ કરું છું.

### સૂત્ર-૪૩, ૪૪

૪૩. શાસ્ત્રોના અર્થ અને મહાઅર્થની ખાણ સમાન અર્થાત્ અનુયોગ પદ્ધતિ દ્વારા આગમની વ્યાખ્યા કરવામાં કુશળ, સુસાધુઓને શાસ્ત્રની વાચના, જ્ઞાનદાન દેવામાં અને શિષ્યો દ્વારા પૂછાયેલા વિષયોનું સમાધાન શાંતિથી કરવામાં દક્ષ અને પ્રકૃતિથી મધુરભાષી એવા

દૂષ્યગુણી આચાર્યને હું સન્માનપૂર્વક પ્રણામ કરું છું.

૪૪. સેંકડો આગંતુક જિજ્ઞાસુ શ્રમણો દ્વારા નમસ્કૃત-સેવિત, શુભ ચિહ્નોથી અંકિત તથા સુકુમાર અને સુકોમળ છે ચરણતળ જેના એવા

પ્રવચન પ્રભાવક આચાર્ય દેવ દૂષ્યગણિના શ્રી ચરણોમાં હું પ્રણામ કરું છું.

### સૂત્ર-૪૫

પહેલાંની ગાથાઓમાં સ્તુતિ કરેલ યુગપ્રધાન આચાર્યો સિવાયના જે કોઈ કાલિકસૂત્રોના જ્ઞાતા અને તેના અનુયોગને ધારણ કરનાર ધીરગંભીર જ્ઞાત-અજ્ઞાત આચાર્ય ભગવંત થયા છે,

તે બધાને પ્રણામ કરીને હું (દેવવાચક) જ્ઞાનની પ્રરૂપણા કરીશ.

### સૂત્ર-૪૬

૧. ચીકણો ગોળ પથ્થર અને પુષ્કરાવર્તમેઘ ૨. માટીનો ઘડો ૩. ચાલણી ૪. ગરણી ૫. હંસપક્ષી ૬. ભેંસ ૭. બકરી ૮. મશક ૯. જળો ૧૦. બિલાડી ૧૧. ઉંદર ૧૨. ગાય ૧૩. ભેરી ૧૪. આહીર દંપતી.

આ ચૌદ પ્રકારના શ્રોતાજનો હોય છે.

### સૂત્ર-૪૭ થી ૫૨

૪૭. તે શ્રોતાઓની પરીષદ ત્રણ પ્રકારની છે, જેમ કે – ૧. જાણનાર પરીષદ ૨. અજાણ પરીષદ ૩. દુર્વેદજ્ઞ પરીષદ. તેનું લક્ષણ આ પ્રમાણે છે.

૪૮. જેમ ઉત્તમ જાતિનો રાજહંસ પાણીને છોડીને દૂધનું પાન કરે છે એમ ગુણસંપન્ન શ્રોતાઓ દુર્ગુણને છોડીને ગુણોને ગ્રહણ કરે છે. એવા શ્રોતાઓની પરીષદને જાણનાર પરીષદ સમજુ પરીષદ. સમજવી જોઈએ.

૪૯. અજાણ પરીષદનું સ્વરૂપ આ પ્રમાણે છે –

૫૦. જે શ્રોતાઓ હરણના, સિંહના અને કૂકડાના બચ્ચાઓની જેમ સ્વભાવથી જ મધુર, સરળ હૃદયી અને ભોળા હોય છે. તેને જેવી શિક્ષા દેવામાં આવે એવી ગ્રહણ કરી લે છે. તેઓ ખાણમાંથી નીકળેલા રત્નોની જેમ સંસ્કારહીન હોય છે. રત્નોને ઈચ્છા મુજબ ઘડી શકાય છે એ જ રીતે અનભિજ્ઞ શ્રોતાઓમાં ઈચ્છા મુજબ સંસ્કારનું

સિંચન કરી શકાય છે. એવા અબુધજનોના સમૂહને અજાણ પરીષદ કહેવાય છે.

૫૧. દુર્વેદજ્ઞ પરીષદનું લક્ષણ આ પ્રમાણે છે –

૫૨. જે અલ્પજ્ઞ પંડિત જ્ઞાનમાં અપૂર્ણ હોય છે પરંતુ અપમાનના ભયથી તે કોઈ પણ વિદ્વાન પાસે પોતાની શંકાનું સમાધાન કરતા નથી, એવા પંડિતો પોતાની પ્રશંસા સાંભળીને મિથ્યાભિમાનથી હવા ભરેલ મશકની જેમ ફૂલ્યા કરે છે. એવા પ્રકારના લોકને દુર્વેદજ્ઞ પરીષદ સભા. કહેવાય છે.

## જ્ઞાન

સૂત્ર-૫૩

જ્ઞાન પાંચ પ્રકારના પ્રતિપાદિત કરેલા છે, જેમ કે – ૧. આભિનિબોધિક જ્ઞાન (મતિજ્ઞાન), ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મનઃપર્યવજ્ઞાન, ૫. કેવળજ્ઞાન.

સૂત્ર-૫૪

જ્ઞાન પાંચ પ્રકારના હોવા છતાં સંક્ષિપ્તમાં તેના બે પ્રકાર છે– પ્રત્યક્ષ અને પરોક્ષ..

## પ્રત્યક્ષ જ્ઞાન

સૂત્ર-૫૫

પ્રત્યક્ષ જ્ઞાનના કેટલા પ્રકાર છે? પ્રત્યક્ષ જ્ઞાનના બે પ્રકાર છે – ૧. ઈન્દ્રિય પ્રત્યક્ષ ૨. નોઈન્દ્રિય પ્રત્યક્ષ.

સૂત્ર-૫૬

ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન કેટલા પ્રકારનું છે ? – ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન પાંચ પ્રકારનું કહેલ છે –

૧. શ્રોત્રેન્દ્રિય પ્રત્યક્ષ કાનથી થાય છે.. ૨. ચક્ષુરિન્દ્રિય પ્રત્યક્ષ આંખથી થાય છે.. ૩. ઘ્રાણેન્દ્રિય પ્રત્યક્ષ નાકથી થાય છે.. ૪. જિહ્વેન્દ્રિય પ્રત્યક્ષ જીભથી થાય છે.. ૫. સ્પર્શેન્દ્રિય પ્રત્યક્ષ ત્વચાથી થાય છે.. આ પ્રમાણે ઈન્દ્રિય પ્રત્યક્ષનું વર્ણન જાણવુ.

સૂત્ર-૫૭

ઈન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત આત્માથી થનાર નોઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન કેટલા પ્રકારનું છે ?

નોઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન ત્રણ પ્રકારે છે–૧. અવધિજ્ઞાન, ૨. મન:પર્યવજ્ઞાન, ૩. કેવલજ્ઞાન

## અવધિજ્ઞાન

સૂત્ર-૫૮ થી ૬૦

૫૮. અવધિજ્ઞાન પ્રત્યક્ષના કેટલા પ્રકાર છે ?

અવધિજ્ઞાન પ્રત્યક્ષના બે ભેદ કહ્યા છે – ૧. ભવપ્રત્યયિક અને ૨. ક્ષાયોપશમિક.

૫૯. ભવપ્રત્યયિક અવધિજ્ઞાન કોને હોય છે ?

ભવપ્રત્યયિક અવધિજ્ઞાન બે ગતિવાળા જીવોને હોય છે, જેમ કે – દેવોને અને નારકોને. ભવના પ્રભાવે જે અવધિજ્ઞાન થાય તેને ભવપ્રત્યયિક કહેવાય છે.

૬૦. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન કોને હોય છે ?

ક્ષાયોપશમિક અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને હોય છે.

ભગવન્ ! ક્ષાયોપશમિક અવધિજ્ઞાનની ઉત્પત્તિનું કારણ શું છે ? જે કર્મ અવધિજ્ઞાનની ઉત્પત્તિમાં રૂકાવટ કરે છે તેમાંથી ઉદયમાં આવેલા કર્મનો ક્ષય અને અનુદિત કર્મનો ઉપશમ થવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તેને ક્ષયોપશમિક અવધિજ્ઞાન કહેવાય છે.

સૂત્ર-૬૧

જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણસંપન્ન મુનિને જે ક્ષાયોપશમિક અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે સંક્ષેપમાં છ પ્રકારે છે, જેમ કે – ૧. આનુગામિક - જે જ્ઞાન વ્યક્તિની સાથે જાય છે. ૨. અનાનુગામિક - જે જ્ઞાન સાથે ન જાય. ૩. વર્ધમાન - જે જ્ઞાન વૃદ્ધિ પામતું જાય. ૪. હીયમાન - જે જ્ઞાન ક્ષીણ થતું જાય. ૫. પ્રતિપાતિક - જે જ્ઞાન એકાએક લુપ્ત થઈ જાય છે. ૬. અપ્રતિપાતિક - જે જ્ઞાન લુપ્ત થતું જ નથી.

સૂત્ર-૬૨/૧

અનુગામિક અવધિજ્ઞાનના કેટલા પ્રકાર છે ? અનુગામિક અવધિજ્ઞાનના બે પ્રકાર છે – ૧. અંતગત, ૨. મધ્યગત.

અંતગત અવધિજ્ઞાન કોને કહેવાય ? અર્થાત્ તે કેટલા પ્રકારનું છે ? અંતગત અવધિજ્ઞાનના ત્રણ પ્રકારે છે – ૧. પુરતઃ અંતગત - આગળથી અંતગત. ૨. માર્ગતઃ અંતગત - પાછળથી અંતગત. ૩. પાર્શ્વતઃ અંતગત - બન્ને પડખેથી અંતગત.

આગળથી અંતગત અવધિજ્ઞાન કોને કહેવાય ? કેટલા પ્રકારનું છે ?

આગળથી અંતગત અવધિજ્ઞાન આ પ્રમાણે છે. જેમ કોઈ વ્યક્તિ દીવડી, ઘાસનો પૂળો અથવા બળતુ લાકડું, મણિ, પ્રદીપ અથવા કોઈ વાસણમાં પ્રજ્વલિત અગ્નિ રાખીને હાથ વડે અથવા દંડ વડે તેને સંભાળીને આગળ રાખતા ચાલે છે ત્યારે ઉક્ત પદાર્થોના પ્રકાશ વડે માર્ગમાં રહેલ આગળની વસ્તુઓ દેખાતી જાય છે, એ જ રીતે જે અવધિજ્ઞાન પણ આગળના પ્રદેશમાં પ્રકાશ કરતા કરતા સાથે ચાલે છે તેને પુરતઃ અંતગત અવધિજ્ઞાન કહેવાય છે.

માર્ગતઃ અંતગત અવધિજ્ઞાન કોને કહેવાય ?

માર્ગતઃ અંતગત અવધિજ્ઞાન આ પ્રમાણે છે. જેમ કોઈ માણસ દીવડી, ઘાસનો પૂળો, બળતું કાષ્ટ, મણિ, પ્રદીપ અથવા કોઈ વાસણમાં સળગતી અગ્નિને રાખીને હાથ વડે અથવા દંડ વડે કે દંડ જડે ઉક્ત પદાર્થોને પાછળના ભાગમાં સંભાળીને ચાલે તો તેના પ્રકાશમાં પાછળ રહેલ પદાર્થોને જોતા જોતા ચાલ્યો જાય છે,

એ જ રીતે જે જ્ઞાન પાછળના પદાર્થોને પ્રકાશિત કરે છે તેને માર્ગતઃ અંતગત અવધિજ્ઞાન કહેવાય છે.

પાર્શ્વથી અંતગત અવધિજ્ઞાન કોને કહેવાય છે ?

પાર્શ્વતઃ અંતગત અવધિજ્ઞાન આ પ્રમાણે છે – જેમ કોઈ પુરુષ દીપિકા, ઘાસનો પૂળો, બળતું કાષ્ટ, મણિ, પ્રદીપ અથવા કોઈ પણ વાસણમાં પ્રજ્વલિત અગ્નિને રાખીને હાથ વડે કે દંડ વડે ઉક્ત પદાર્થોને બાજુમાં રાખતા ચાલે ત્યારે ઉક્ત પદાર્થોના પ્રકાશ વડે બાજુમાં રહેલ વસ્તુઓ દેખાતી જાય છે તેમ જે અવધિજ્ઞાન પાર્શ્વવર્તી પદાર્થોનું જ્ઞાન કરાવતા કરાવતા આત્માની સાથે ચાલે છે તેને પાર્શ્વત-અવધિજ્ઞાન કહેવાય છે.

કોઈ કોઈ અવધિજ્ઞાન ક્ષયોપશમની વિચિત્રતાથી એક બાજુમાં જ પદાર્થોને પ્રકાશિત કરે છે તો કોઈ કોઈ બન્ને બાજુના પદાર્થોને પ્રકાશિત કરે છે.

મધ્યગત અવધિજ્ઞાન કોને કહેવાય ?

મધ્યગત અવધિજ્ઞાન આ પ્રમાણે છે. જેમ કોઈ પુરુષ ઉલ્કા, મશાલ, ઘાસનો પૂળો, અગ્રભાગથી બળતુ લાકડુ, મણિ, પ્રદીપ અથવા કૂંડા આદિમાં રાખેલ અગ્નિને મસ્તક પર રાખીને ચાલે છે ત્યારે તેને ઉપર્યુક્ત પ્રકાશ દ્વારા માર્ગમાં સર્વ દિશાઓમાં રહેલા પદાર્થો દેખાઈ જાય છે તેમ સર્વ દિશાઓમાં રહેલા પદાર્થોનું જ્ઞાન કરાવતા કરાવતા જે જ્ઞાન જ્ઞાતાની સાથે ચાલે છે તેને મધ્યગત અવધિજ્ઞાન કહેવાય છે.

સૂત્ર-૬૨/૨

અંતગત અને મધ્યગત અવધિજ્ઞાનમાં શું અંતર છે ?

પુરતઃ અંતગત અવધિજ્ઞાની આગળ સંખ્યાત અથવા અસંખ્યાત યોજનમાં રહેલા દ્રવ્યોને જાણે છે અને દેખે છે અથવા સામાન્ય રૂપે જુએ છે અને વિશેષ રૂપમાં જાણે છે.

પાછળના અંતગત અવધિજ્ઞાન દ્વારા પાછળ રહેલા સંખ્યાત અથવા અસંખ્યાત યોજનમાં સ્થિત દ્રવ્યોને વિશેષ રૂપે જાણે છે અને સામાન્ય રૂપે દેખે છે.

પાર્શ્વતઃ અંતગત અવધિજ્ઞાનથી એક યા બંને બાજુમાં રહેલ દ્રવ્યોને સંખ્યાત અથવા અસંખ્યાત જોજન સુધી વિશેષરૂપે જાણે છે અને સામાન્યરૂપે દેખે છે. આ રીતે આનુગામિક અવધિજ્ઞાનનું વર્ણન છે.

મધ્યગત અવધિજ્ઞાની પોતાની ચારે બાજુ સર્વ દિશાઓમાં અને વિદિશાઓમાં સંખ્યાત અથવા અસંખ્યાત જોજન સુધી સ્થિત દ્રવ્યોને વિશેષરૂપે જાણે છે અને સામાન્યરૂપે દેખે છે.

### સૂત્ર-૬૩

અનાનુગામિક અવધિજ્ઞાન કોને કહેવાય ?

જેમ કોઈ પણ નામવાળી વ્યક્તિ એક બહુ મોટો અગ્નિકુંડ બનાવીને તેમાં અગ્નિને પ્રજવલિત કરીને ચારે બાજુ દરેક દિશા અને વિદિશાઓમાં તે પ્રકાશમાં ચાલતા ચાલતા તે જ્યોતિથી પ્રકાશિત ક્ષેત્રને દેખે છે, પરંતુ પ્રકાશિત ક્ષેત્રથી અન્યત્ર ચાલ્યો જાય તો ત્યાંના તે પદાર્થોને દેખે નહીં.

એ જ રીતે અનાનુગામિક અવધિજ્ઞાન જે ક્ષેત્રમાં ઉત્પન્ન થાય તે જ ક્ષેત્રમાં રહીને તે વ્યક્તિ સંખ્યાત તથા અસંખ્યાત જોજન સુધી જાણે, દેખે છે. તે ક્ષેત્રમાં પણ અંતર અંતરથી પણ જાણે અને નિરંતર પણ સંખ્યાત અસંખ્યાત જોજન સુધી જાણે છે, દેખે છે. અન્યત્ર ચાલ્યો જાય તો જાણે, દેખે નહીં, તેને અનાનુગામિક અવધિજ્ઞાન કહેવાય છે.

### સૂત્ર-૬૪

વર્ધમાન અવધિજ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?

પ્રશસ્ત અધ્યવસાય સ્થાનો અર્થાત્ વિચારોમાં રહેનાર અને સંયમભાવમાં રહેનાર આત્માના અધ્ય-વસાયોની વિશુદ્ધિ થતા અને ચારિત્ર પરિણામોની પણ વિશુદ્ધિ થતા તેના અવધિજ્ઞાનની સર્વ દિશાઓમાં, ચારે બાજુ વૃદ્ધિ થાય છે.

### સૂત્ર-૬૫

સૂક્ષ્મ નિગોદમાં જન્મ ગ્રહણ કર્યાને ત્રણ સમય થયા હોય અને જે જીવ આહારક બની ગયા હોય એવા સમયે તે જીવની જેટલી ઓછામાં ઓછી અવગાહના હોય છે, શરીરની લંબાઈ હોય) તેટલા પ્રમાણમાં જઘન્ય અવધિજ્ઞાનનું ક્ષેત્ર હોય છે.

### સૂત્ર-૬૬

અગ્નિકાયના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત સમસ્ત ઉત્કૃષ્ટ-સર્વાધિક જીવ સર્વ દિશાઓમાં નિરંતર ભરવાથી જેટલું ક્ષેત્ર પરિપૂર્ણ કરે છે તેટલું ક્ષેત્ર પરમાવધિજ્ઞાનનું બતાવેલ છે.

### સૂત્ર-૬૭ થી ૭૩

૬૭. જે અવધિજ્ઞાન ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય તે કાળથી આવલિકાના અસંખ્યાતમા પ્રમાણ હોય છે.

જે ક્ષેત્રથી અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય તે કાળથી આવલિકાના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે.

જે ક્ષેત્રથી અંગુલ પ્રમાણ હોય તે કાળથી આવલિકાથી કંઈક ન્યૂન હોય છે અને

જે કાળથી સંપૂર્ણ આવલિકા પ્રમાણે હોય તે ક્ષેત્રથી અનેક અંગુલ પ્રમાણ હોય છે.

૬૮. જે અવધિજ્ઞાન ક્ષેત્રથી એક હાથ પ્રમાણ હોય તે કાળથી એક મુહૂર્તથી કંઈક ન્યૂન હોય છે.

જે ક્ષેત્રથી એક ગાઉ હોય છે, તે કાળથી કંઈક ન્યૂન એક દિવસ હોય છે.

જે ક્ષેત્રથી જોજન પ્રમાણ હોય તે કાળથી અનેક દિવસ હોય છે.

જે ક્ષેત્રથી પચ્ચીસ યોજન પર્યંત હોય છે તે કાળથી કિંચિત ન્યૂન પક્ષ સુધી હોય છે.

૬૯. જે અવધિજ્ઞાન ક્ષેત્રથી સંપૂર્ણ ભરતક્ષેત્ર પ્રમાણ હોય તે કાળથી અર્ધમાસ પ્રમાણ હોય છે.

જે ક્ષેત્રથી જંબૂદ્વીપ પ્રમાણ હોય તે કાળથી એક માસથી કંઈક અધિક હોય છે.

જે ક્ષેત્રથી મનુષ્યલોક પ્રમાણ હોય તે કાળથી એક વર્ષ પર્યન્ત હોય છે.

જે ક્ષેત્રથી રૂચક ક્ષેત્ર પર્યન્ત હોય તે કાળથી અનેક વર્ષ હોય છે.

૭૦. જે અવધિજ્ઞાન કાળથી સંખ્યાત કાળનું હોય તે ક્ષેત્રથી સંખ્યાત દ્વીપ સમુદ્ર પર્યન્તનું હોય છે.

જે અવધિ જ્ઞાન કાળથી અસંખ્યાત કાળ પ્રમાણ હોય તે ક્ષેત્રથી સંખ્યાત કે અસંખ્યાત દ્વીપ અને સમુદ્રની ભજનાવાળુ હોય છે. અર્થાત્ દ્વીપસમુદ્ર ક્યારેક સંખ્યાત પણ હોય ક્યારેક અસંખ્યાત પણ હોય છે.

૭૧. અવધિજ્ઞાનીના કાળની વૃદ્ધિ થવા પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ચારેયની અવશ્ય વૃદ્ધિ થાય છે.

ક્ષેત્રની વૃદ્ધિ થવા પર કાળની ભજના હોય છે અર્થાત્ કાળની વૃદ્ધિ થાય અથવા ન પણ થાય.

દ્રવ્ય અને પર્યાયની વૃદ્ધિ થવા પર ક્ષેત્ર અને કાળની વૃદ્ધિ થાય કે ન પણ થાય.

૭૨. કાળ સૂક્ષ્મ છે પરંતુ ક્ષેત્ર, કાળથી સૂક્ષ્મતર છે. કેમ કે એક અંગુલ પ્રમાણ શ્રેણીરૂપ ક્ષેત્રમાં આકાશના પ્રદેશો અસંખ્યાત અવસર્પિણીના સમય જેટલા હોય છે અર્થાત્ અસંખ્યાત કાળચક્ર તેની ગણતરીમાં થાય છે.

૭૩. આ રીતે વર્ધમાન અવધિજ્ઞાનનું વર્ણન છે.

### સૂત્ર-૭૪

હીયમાન હ્રાસમાન) અવધિજ્ઞાન કેવા પ્રકારનું છે ?

અપ્રશસ્ત વિચારોમાં વર્તતા અવિરતિ સમ્યગ્દ્દષ્ટિ જીવ તથા અપ્રશસ્ત અધ્યવસાયમાં વર્તમાન દેશવિરતિ શ્રાવક અને સર્વવિરતિ ચારિત્રવાન સાધુ જ્યારે અશુભ વિચારો વડે સંક્લેશને પ્રાપ્ત થાય છે અને તેના ચારિત્રમાં પણ સંક્લેશ પ્રાપ્ત થાય છે ત્યારે ચારે બાજુથી અને દરેક પ્રકારે તેના અવધિજ્ઞાનની પૂર્વ અવસ્થા ક્ષીણ થતી જાય છે. આ રીતે હાનિને પ્રાપ્ત થનાર અવધિજ્ઞાનને હીયમાન (હ્રાસમાન) અવધિજ્ઞાન કહેવાય છે.

### સૂત્ર-૭૫

પ્રતિપાતિ અવધિજ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?

પ્રતિપાતિ અવધિજ્ઞાનનું સ્વરૂપ આ પ્રમાણે છે – જે અવધિજ્ઞાન જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ અથવા સંખ્યાતમા ભાગ બાલાગ્ર પરિમાણ અથવા અનેક બાલાગ્ર પરિમાણ, લીખ અથવા અનેક લીખ પરિમાણ, જૂ અથવા અનેક જૂ પરિમાણ, જવ અથવા અનેક જવ પરિમાણ, અંગુલ અથવા અનેક અંગુલ પરિમાણ, પગ અથવા અનેક પગ પરિમાણ, વેંત અથવા અનેક વેંત પરિમાણ, હાથ અથવા અનેક હાથ પરિમાણ, કુક્ષિ અથવા અનેક કુક્ષિ પરિમાણ, ધનુષ અથવા અનેક ધનુષ, ગાઉ અથવા અનેક ગાઉ, .....

યોજન અથવા અનેક યોજન, શતયોજન અથવા અનેક શતયોજન, એક હજાર યોજન અથવા અનેક સહસ્ર યોજન, લાખ યોજન અથવા અનેક લાખ યોજન, એક કરોડ યોજન અથવા અનેક કરોડ યોજન, કોટાકોટિ યોજન અથવા અનેક કોટાકોટિ યોજન, ઉત્કૃષ્ટથી સંપૂર્ણ લોકને જોઈને પણ નષ્ટ થઈ જાય છે તેને પ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે.

સૂત્ર-૭૬

અપ્રતિપાતિ અવધિજ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?

અપ્રતિપાતિ અવધિજ્ઞાનનું સ્વરૂપ આ પ્રમાણે છે – જે અવધિજ્ઞાન વડે આત્મા અલોકાકાશમાં એક આકાશ પ્રદેશને પણ જાણે અને દેખે છે તેને અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે.

સૂત્ર-૭૭

અવધિજ્ઞાન સંક્ષિપ્તમાં ચાર પ્રકારે પ્રતિપાદિત કરેલ છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

૧. દ્રવ્યથી – અવધિજ્ઞાની જઘન્ય-ઓછામાં ઓછું અનંતરૂપી દ્રવ્યોને જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી સર્વરૂપી દ્રવ્યોને જાણે છે અને દેખે છે.

૨. ક્ષેત્રથી – અવધિજ્ઞાની જઘન્યતઃ અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી અલોકમાં લોક પરિમિત અસંખ્યાત ખંડોને જાણે અને દેખે છે.

૩. કાળથી – અવધિજ્ઞાની જઘન્ય આવલિકાના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે કાળને જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી અતીત અને અનાગત સંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી પ્રમાણ કાળને જાણે અને દેખે છે.

૪. ભાવથી – અવધિજ્ઞાની જઘન્યતઃ અનંતભાવોને જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી પણ અનંત ભાવોને જાણે છે અને દેખે છે પરંતુ સર્વ ભાવોના અનંતમાં ભાગને જ જાણે અને દેખે છે.

સૂત્ર-૭૮ થી ૮૦

૭૮. આ અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક બે પ્રકારે કહેલ છે અને તેના પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપે ઘણા ખેદ પ્રભેદથી વર્ણન કરાયેલ છે.

૭૯. નારક, દેવ અને તીર્થંકર અવધિજ્ઞાનથી અબાહ્ય હોય છે એટલે અવધિજ્ઞાનના વિષયક્ષેત્રના વચ્ચમાં જ રહે છે અને તેઓ સર્વ દિશા અને વિદિશાઓમાં દેખે છે.

શેષ અર્થાત્ મનુષ્ય અને તિર્યંચ દેશથી એટલે કે એક દિશામાં પણ દેખે છે અને અનેક દિશામાં પણ દેખે છે.

૮૦. આ રીતે પ્રત્યક્ષ અવધિજ્ઞાનનું વર્ણન છે.

## મનઃપર્યવ જ્ઞાન

સૂત્ર-૮૧

મનઃપર્યવજ્ઞાન કેટલા પ્રકારનું છે ? શું મનઃપર્યવજ્ઞાન મનુષ્યને ઉત્પન્ન થાય ? કે અમનુષ્યોને (દેવને, નારકને કે તિર્યંચને) ઉત્પન્ન થાય ?

મનઃપર્યવજ્ઞાન મનુષ્યોને જ ઉત્પન્ન થાય છે, અમનુષ્યને નહીં અર્થાત્ દેવ, નારકી અને તિર્યંચને ઉત્પન્ન ન થાય.

મનઃપર્યવજ્ઞાન જો મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યને ઉત્પન્ન થાય કે ગર્ભજ મનુષ્યને ? સંમૂર્ચ્છિમ મનુષ્યને ઉત્પન્ન ન થાય પણ ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે.

જો મનઃપર્યવજ્ઞાન ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય કે અકર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય કે અંતર્દ્વીપના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે ?

કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને જ ઉત્પન્ન થાય છે. પરંતુ અકર્મભૂમિના ગર્ભજ મનુષ્યને તથા અંતર્દ્વીપના ગર્ભજ મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન ન થાય.

જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે તો શું સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે કે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે ?

સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે પણ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન ન થાય.

જો મનઃપર્યવજ્ઞાન સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય કે અપર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે ?

પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થાય છે પણ અપર્યાપ્તને ઉત્પન્ન ન થાય.

જો મનઃપર્યવજ્ઞાન સંખ્યાત વર્ષના કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે, તો શું સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે કે મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે કે મિશ્રદૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે?

સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે પણ મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન ન થાય.

જો મનઃપર્યવજ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે તો શું સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે કે અસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય કે સંયતાસંયત (શ્રાવક) સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે ?

સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે પણ અસંયત કે સંયતાસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય નહીં

જો મનઃપર્યવજ્ઞાન સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે કે અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે ?

અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે, પ્રમત્ત સંયતને ન થાય.

જો મનઃપર્યવજ્ઞાન અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું લબ્ધિધારી અપ્રમત્ત સંયત, સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે કે લબ્ધિરહિત અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે ?

લબ્ધિધારી અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. પણ ઋદ્ધિરહિત અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય નહીં.

સૂત્ર-૮૨

તે મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે ઉત્પન્ન થાય છે, જેમ કે – ઋજુમતિ અને વિપુલમતિ.

આ મનઃપર્યવજ્ઞાનના સ્વરૂપને સંક્ષેપમાં ચાર પ્રકારથી કહી શકાય છે. જેમ કે– દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી

અને ભાવથી.

૧. દ્રવ્યથી – ઋજુમતિ અનંત, અનંત પ્રદેશિક સ્કંધોને વિશેષ તથા સામાન્ય રૂપથી જાણે અને દેખે છે.

વિપુલમતિ એ જ સ્કંધોને કંઈક અધિક વિપુલ, વિશુદ્ધ અને તિમિર રહિત, નિર્મળરૂપે જાણે છે અને દેખે છે.

૨. ક્ષેત્રથી – ઋજુમતિ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રને તથા

ઉત્કૃષ્ટ રત્નપ્રભા પૃથ્વીના નીચે ક્ષુલ્લક પ્રતરને અને

ઊંચે જ્યોતિષ્ચક્રના ઉપરિતલ પર્યંત અને

તિર્છાલોકમાં મનુષ્ય ક્ષેત્રની અંદર અઢી દ્વીપ સમુદ્ર પર્યંત પંદર કર્મભૂમિ, ત્રીસ અકર્મભૂમિ અને છપ્પન અંતર્દ્વીપમાં વર્તમાન સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવોના મનોગત ભાવોને જાણે છે અને દેખે છે

અને એ જ ભાવોને વિપુલમતિ અઢી અંગુલ અધિક, વિપુલ ક્ષેત્રને વિશુદ્ધ અને નિર્મળતર તિમિર રહિત જાણે છે અને દેખે છે.

૩. કાળથી – ઋજુમતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણે છે અને દેખે છે.

કાળની અપેક્ષાએ વિપુલમતિ તેનાથી કંઈક અધિક, વિપુલ, વિશુદ્ધ અને સુસ્પૃષ્ટ જાણે છે અને દેખે છે.

૪. ભાવથી – ભાવની અપેક્ષાએ ઋજુમતિ અનંતભાવોને જાણે છે અને દેખે છે પરંતુ સર્વ ભાવોના અનંતમાં ભાગને જાણે છે અને દેખે છે.

એ જ ભાવોને વિપુલમતિ કંઈક અધિક વિપુલ, વિશુદ્ધ અને સુસ્પષ્ટ જાણે છે અને દેખે છે.

સૂત્ર-૮૩, ૮૪

૮૩. આ મનઃપર્યવજ્ઞાન માત્ર મનુષ્ય ક્ષેત્રમાં રહેલ પ્રાણીઓના મનમાં પરિચિંતિત અર્થને પ્રગટ કરનાર છે અને શાંતિ, સંયમ આદિ ગુણ આ જ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે અને આ જ્ઞાન ચારિત્ર યુક્ત અપ્રમત્ત સંયતને જ થાય છે. આ રીતે આ દેશ પ્રત્યક્ષ મનઃપર્યવજ્ઞાનનો વિષય થયો.

૮૪. મનઃપર્યવજ્ઞાનનું વિવરણ સમાપ્ત થયું.

## કેવળ જ્ઞાન

સૂત્ર-૮૫

કેવળજ્ઞાનના કેટલા પ્રકાર છે ?

કેવળજ્ઞાન બે પ્રકારનું છે, જેમ કે – ૧. ભવસ્થ કેવળજ્ઞાન, ૨. સિદ્ધ કેવળજ્ઞાન.

તે ભવસ્થ કેવળજ્ઞાન કેટલા પ્રકારનું છે ?

તે ભવસ્થ કેવળજ્ઞાન બે પ્રકારનું છે, જેમ કે –

૧. સયોગી ભવસ્થ કેવળજ્ઞાન, ૨. અયોગી ભવસ્થ કેવળજ્ઞાન.

તે સયોગી ભવસ્થ કેવળજ્ઞાન કેટલા પ્રકારનું છે ?

તે સયોગી ભવસ્થ કેવળજ્ઞાન બે પ્રકારનું છે, જેમ કે –

૧. પ્રથમ સમયવર્તી સયોગી ભવસ્થ કેવળજ્ઞાન - જેને ઉત્પન્ન થયા પ્રથમ સમય જ થયો હોય.

૨. અપ્રથમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન - જેને ઉત્પન્ન થયા અનેક સમય થયા હોય

અથવા બીજી રીતે પણ બે ભેદ છે, જેમ કે –

૧. ચરમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન-સયોગી અવસ્થામાં જેનો અંતિમ સમય શેષ બાકી રહે તે,

૨. અચરમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન-સયોગી અવસ્થામાં અનેક સમય શેષ (બાકી) રહે તે.

**આ પ્રમાણે સયોગી ભવસ્થ કેવળજ્ઞાન સંપૂર્ણ.**

તે અયોગી ભવસ્થ કેવળજ્ઞાન કેટલા પ્રકારનું છે ?

– અયોગી ભવસ્થ કેવળજ્ઞાનના બે પ્રકાર છે, જેમ કે –

૧. સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન, ૨. અપ્રથમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન

અથવા ચરમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન, અચરમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન.

આ રીતે અયોગી ભવસ્થ કેવળજ્ઞાનનું વર્ણન છે.

સૂત્ર-૮૬

સિદ્ધ કેવળજ્ઞાન કેટલા પ્રકારનુ છે ?

સિદ્ધ કેવળજ્ઞાન બે પ્રકારના છે, જેમ કે – ૧) અનંતરસિદ્ધ કેવળજ્ઞાન, ૨) પરંપરસિદ્ધ કેવળજ્ઞાન.

સૂત્ર-૮૭

અનંતર સિદ્ધ કેવળજ્ઞાનના કેટલા ભેદ છે ?

અનંતર સિદ્ધ કેવળજ્ઞાનના પંદર ભેદ છે, જેમ કે –

૧. તીર્થસિદ્ધ, ૨. અતીર્થસિદ્ધ, ૩. તીર્થંકરસિદ્ધ, ૪. અતીર્થંકરસિદ્ધ, ૫. સ્વયંબુદ્ધસિદ્ધ, ૬. પ્રત્યેકબુદ્ધસિદ્ધ, ૭. બુદ્ધબોધિતસિદ્ધ, ૮. સ્ત્રીલિંગસિદ્ધ, ૯. પુરુષલિંગસિદ્ધ, ૧૦. નપુંસકલિંગસિદ્ધ, ૧૧. સ્વલિંગસિદ્ધ, ૧૨. અન્યલિંગસિદ્ધ, ૧૩. ગૃહસ્થલિંગસિદ્ધ, ૧૪. એકસિદ્ધ, ૧૫. અનેક સિદ્ધ.

આ રીતે અનંતરસિદ્ધ કેવળજ્ઞાનના પંદર પ્રકાર છે.

સૂત્ર-૮૮

તે પરંપરસિદ્ધ કેવળજ્ઞાનના કેટલા પ્રકાર છે ?

પરંપરસિદ્ધ કેવળજ્ઞાનના અનેક પ્રકાર છે, જેમ કે –

અપ્રથમસમયસિદ્ધ, અર્થાત્ પહેલા સમયને છોડી શેષ બધા સમયના સિદ્ધ,

દ્વિસમયસિદ્ધ અર્થાત્ જેનો સિદ્ધ થયાનો બીજો સમય છે.

ત્રિસમયસિદ્ધ, ચારસમયસિદ્ધ, આગળ વધતા યાવત્ દસસમયસિદ્ધ, સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાત સમય સિદ્ધ અને અનંતસમયસિદ્ધ.

આ પ્રમાણે પરંપરસિદ્ધ કેવળજ્ઞાનનું વર્ણન છે.

તાત્પર્ય એ છે કે પરંપરસિદ્ધોના સૂત્રોક્ત ભેદોના અનુરૂપ જ કેવળજ્ઞાનના ભેદો થાય છે. આ પ્રકારે સિદ્ધ કેવળજ્ઞાનનું વર્ણન છે.

સૂત્ર-૮૯

સંક્ષેપમાં તેના ચાર પ્રકાર છે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

૧. દ્રવ્યથી કેવળજ્ઞાની સર્વદ્રવ્યોને જાણે છે અને દેખે છે.

૨. ક્ષેત્રથી કેવળજ્ઞાની સર્વ લોકાલોક ક્ષેત્રને જાણે છે અને દેખે છે.

૩. કાળથી કેવળજ્ઞાની ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણેય કાળને જાણે છે અને દેખે છે.

૪. ભાવથી કેવળજ્ઞાની સર્વ દ્રવ્યોના સર્વભાવો - પર્યાયોને જાણે છે અને દેખે છે.

સૂત્ર-૯૦

આ કેવળજ્ઞાન સંપૂર્ણ દ્રવ્યપરિણામનું ઔદારિક આદિ સર્વ ભાવોનું અથવા વર્ણ, ગંધ, રસ આદિ સર્વ

ગુણોનું જ્ઞાન કરાવનાર છે, અંત રહિત છે, શાશ્વત-સદાકાળ સ્થાયી છે અને અપ્રતિપાતી છે.

એવું આ કેવળજ્ઞાન એક પ્રકારનું છે.

સૂત્ર-૯૧, ૯૨

૯૧. કેવળજ્ઞાન દ્વારા સર્વ પદાર્થોને જાણીને તેમાં જે પદાર્થ વર્ણન કરવા યોગ્ય હોય તેને તીર્થંકર દેવ પોતાના પ્રવચનોમાં પ્રતિપાદન કરે છે. તીર્થંકર દેવનો તે સંપૂર્ણ વચનયોગ શ્રુત કહેવાય છે

અર્થાત્ કેવળજ્ઞાનથી જાણીને કહેવાયેલ વચનો સાંભળનાર માટે શ્રુતજ્ઞાનરૂપ થઈ જાય છે.

૯૨. આ રીતે કેવળજ્ઞાનનું વર્ણન પૂર્ણ થયું.

તેમજ નોઇન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનનું પ્રકરણ પૂર્ણ થયું.

## પરોક્ષ જ્ઞાન

સૂત્ર-૯૩

પરોક્ષજ્ઞાન કેટલા પ્રકારનુ છે ?

પરોક્ષજ્ઞાન બે પ્રકારનું છે, જેમ કે – ૧) આભિનિબોધિક જ્ઞાન પરોક્ષ મતિજ્ઞાન), ૨) શ્રુતજ્ઞાન પરોક્ષ.

જ્યાં આભિનિબોધિક જ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન પણ હોય છે અને જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં આભિનિબોધિક જ્ઞાન હોય, એ બન્ને જ્ઞાન સાથે જ રહેનારા છે, અન્યોન્ય અનુગત છે તો પણ એ બન્નેમાં તીર્થંકરોએ આ પ્રમાણે વિશેષતા ફરમાવેલ છે –

૧) સન્મુખ આવેલા પદાર્થોને જે પ્રમાણપૂર્વક અભિગત કરે, જાણે, તેને આભિનિબોધિક જ્ઞાન કહેવાય. સાંભળવામાં આવે તેને શ્રુતજ્ઞાન કહેવાય અર્થાત્ શ્રુતજ્ઞાન એ શ્રવણનો વિષય છે.

૨) શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ હોય છે પરંતુ મતિજ્ઞાન શ્રુતપૂર્વક જ હોય એવો નિયમ નથી.

સૂત્ર-૯૪

વિશેષતા રહિત સામાન્ય રૂપે મતિ-મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન બન્ને પ્રકારે છે.

પરંતુ વિશેષરૂપે સમ્યગ્દૃષ્ટિની મતિ તે મતિજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિની મતિ તે મતિઅજ્ઞાન છે.

એ જ રીતે વિશેષતા રહિત શ્રુત-શ્રુતજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન બન્ને પ્રકારે છે.

વિશેષતા પ્રાપ્ત સમ્યગ્દૃષ્ટિનું શ્રુત અને શ્રુતજ્ઞાન છે અને મિથ્યાદૃષ્ટિનું શ્રુત એ શ્રુતઅજ્ઞાન છે.

સૂત્ર-૯૫, ૯૬

૯૫. આભિનિબોધિક જ્ઞાનના કેટલા પ્રકાર છે ?

આભિનિબોધિક જ્ઞાનના બે પ્રકાર છે, જેમ કે – ૧) શ્રુતનિશ્રિત, ૨) અશ્રુતનિશ્રિત.

અશ્રુત નિશ્રિતના કેટલા પ્રકાર છે ?

અશ્રુત નિશ્રિતના ચાર પ્રકાર છે, જેમ કે –

૯૬. ૧. ઔત્પાતિકી, ૨. વૈનયિકી, ૩. કર્મજા, ૪. પારિણામિકી.

આ ચાર પ્રકારની બુદ્ધિ શાસ્ત્રકારોએ બતાવી છે. પાંચમો ભેદ ઉપલબ્ધ નથી એટલે હોતો જ નથી.

સૂત્ર-૯૭ થી ૧૦૦

૯૭. જે બુદ્ધિ વડે પૂર્વે નહીં સાંભળેલ, નહીં દેખેલ અને નહીં જાણેલ પદાર્થના કે તત્ત્વના વિષયમાં તત્કાળ વિશુદ્ધ ભાવને ગ્રહણ કરનારી અને બાધારહિત સુંદર પરિણામવાળી બુદ્ધિ ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય છે.

૯૮. ૧. ભરત, ૨. શિલા, ૩. ઘેટું, ૪. કૂકડો, ૫. તલ, ૬. રેતી, ૭. હાથી, ૮. કૂવો, ૯. વનખંડ, ૧૦. ખીર, ૧૧. અતિગ, ૧૨. પાંદડા, ૧૩. ખિસકોલી, ૧૪. પાંચ પિતા.

**૯૯.** ૧. ભરતશિલ ૨. કાકડી પ્રતિજ્ઞા, શરત. ૩. વૃક્ષ ૪. વીંટી ૫. વસ્ત્ર ૬. કાકીડો ૭. કાગડા ૮. શૌચ મલપરીક્ષા. ૯. હાથી ૧૦. ભાંડ ૧૧. ગોળી ૧૨. થાંભલો ૧૩. પરિવ્રાજક ૧૪. માર્ગ ૧૫. સ્ત્રી ૧૬. પતિ ૧૭. પુત્ર.

**૧૦૦.** ૧૮. મધુછત્ર ૧૯. મુદ્રાઓ ૨૦. વાંસળી ૨૧. પૈસાની થેલી ૨૨. ભિક્ષુ ૨૩. ચેટકનિધાન ૨૪. શિક્ષા-ધનુર્વેદ ૨૫. અર્થશાસ્ત્ર-નીતિશાસ્ત્ર ૨૬. ઇચ્છા મુજબ ૨૭. શતસહસ્ર લાખ..

આ ઔત્પાતિકી બુદ્ધિના દૃષ્ટાંતો છે.

## સૂત્ર-૧૦૧ થી ૧૦૩

**૧૦૧.** વિનયથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ કાર્યભારના નિસ્તરણ અર્થાત્ વહન કરવામાં સમર્થ હોય છે.

ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ, કામનું પ્રતિપાદન કરનાર, સૂત્ર તથા અર્થને ગ્રહણ કરવામાં પ્રધાન-કુશળ તેમજ આ લોક અને પરલોકમાં સુંદર ફળ દેનારી વૈનયિકી બુદ્ધિ હોય છે.

**૧૦૨.** ૧. નિમિત્ત ૨. અર્થશાસ્ત્ર ૩. લેખ ૪. ગણિ ૫. કૂવો ૬. અશ્વ ૭. ગધેડ ૮. લક્ષણ ૯. ગ્રંથિ ૧૦. અગડ, કૂવો ૧૧. રથિક ૧૨. ગણિકા.

**૧૦૩.** ૧૩. શીતાશાટી-ભીનું ધોતિયું ૧૪. નીવોદક ૧૫. બળદોની ચોરી, અશ્વનું મરણ, વૃક્ષથી પડવું,

એ વૈનયિકી બુદ્ધિના ઉદાહરણ છે.

## સૂત્ર-૧૦૪, ૧૦૫

**૧૦૪.** ઉપયોગથી જેનો સાર-પરમાર્થ જાણી શકાય છે, અભ્યાસ અને વિચારથી જે વિસ્તૃત બને છે અને જેનાથી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થાય છે અથવા પ્રશંસા પ્રાપ્ત થાય છે તે કર્મજા બુદ્ધિ કહેવાય છે.

કાર્ય કરતા કરતા ઉત્પન્ન થયેલી બુદ્ધિના ઉદાહરણ આ પ્રકારે છે.

**૧૦૫.** ૧. સુવર્ણકાર ૨. કિસાન ૩. વણકર ૪. દર્વીકાર ૫. મોતી ૬. ઘી ૭. નટ ૮. દરજી ૯. સુથાર ૧૦. કંદોઈ ૧૧. ઘડો ૧૨. ચિત્રકાર.

આ બાર કર્મજા બુદ્ધિના દૃષ્ટાંતો છે.

## સૂત્ર-૧૦૬ થી ૧૦૯

**૧૦૬.** અનુમાન, હેતુ અને દૃષ્ટાંતથી કાર્યને સિદ્ધ કરનારી, ઉંમર પરિપક્વ થવા પર પ્રાપ્ત થનારી આત્મ હિતકારી તથા મોક્ષ ફળને પ્રદાન કરનારી બુદ્ધિ પારિણામિકી બુદ્ધિ કહેવાય છે.

**૧૦૭ થી ૧૧૦.** ૧. અભયકુમાર ૨. શેઠ ૩. કુમાર ૪. દેવી ૫. ઉદિતોદય રાજા ૬. સાધુ અને નંદીષેણ ૭. ધનદત્ત ૮. શ્રાવક ૯. અમાત્ય

**૧૦૮.** ૧૦. ક્ષપક ૧૧. અમાત્યપુત્ર ૧૨. ચાણક્ય ૧૩. સ્થૂલિભદ્ર ૧૪. નાસિકના સુંદરીનંદ ૧૫. વજ્રસ્વામી

**૧૦૯.** ૧૬. ચરણાહત ૧૭. આંબળા ૧૮. મણિ ૧૯. સર્પ ૨૦. ગેંડા ૨૧. સ્તૂપ-ભેદન. ઇત્યાદિ

પારિણામિકી બુદ્ધિના ઉદાહરણ છે.

**૧૧૦.** આ રીતે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનનું વર્ણન પૂર્ણ થયું.

## સૂત્ર-૧૧૧

હે ભગવન્ ! શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના કેટલા પ્રકાર છે ?

શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર પ્રકાર છે – ૧. અવગ્રહ ૨. ઈહા ૩. અવાય ૪. ધારણા.

## સૂત્ર-૧૧૨

અવગ્રહ કેટલા પ્રકારનો છે? અવગ્રહ બે પ્રકારનો છે – ૧. અર્થાવગ્રહ ૨. વ્યંજનાવગ્રહ.

સૂત્ર-૧૧૩

તે વ્યંજનાવગ્રહ કેટલા પ્રકારનો છે ?

વ્યંજનાવગ્રહ ચાર પ્રકારનો છે – ૧. શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ ૨. ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ ૩. જિહ્વેન્દ્રિય વ્યંજનાવગ્રહ ૪. સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ.

આ પ્રકારે વ્યંજનાવગ્રહનું વર્ણન છે.

સૂત્ર-૧૧૪

અર્થાવગ્રહ કેટલા પ્રકારનો છે ?

અર્થાવગ્રહ છ પ્રકારનો છે – ૧. શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ ૨. ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ ૩. ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ ૪. જિહ્વેન્દ્રિય અર્થાવગ્રહ ૫. સ્પર્શનેન્દ્રિય અર્થાવગ્રહ ૬. નોઇન્દ્રિય અર્થાવગ્રહ.

આ પ્રકારે અર્થાવગ્રહનું વર્ણન છે.

સૂત્ર-૧૧૫

અર્થાવગ્રહના એક અર્થવાળા ઉદાત્ત આદિ વિવિધ પ્રકારના ઘોષયુક્ત અને 'ક' આદિ વિવિધ પ્રકારના વ્યંજન યુક્ત પાંચ પર્યાય નામો છે – ૧. અવગ્રહણતા ૨. ઉપધારણતા ૩. શ્રવણતા ૪. અવલંબનતા ૫. મેધા.

એ રીતે અવગ્રહનું વર્ણન છે.

સૂત્ર-૧૧૬

ઈહાના કેટલા પ્રકાર છે ?

ઈહાના છ પ્રકાર છે – ૧. શ્રોત્રેન્દ્રિય ઈહા ૨. ચક્ષુરિન્દ્રિય ઈહા ૩. ઘ્રાણેન્દ્રિય ઈહા ૪. જિહ્વેન્દ્રિય ઈહા ૫. સ્પર્શનેન્દ્રિય ઈહા અને ૬. નોઇન્દ્રિય ઈહા.

ઈહાના એકાર્થક વિવિધ પ્રકારના ઘોષ અને વિવિધ પ્રકારના વ્યંજનયુક્ત પાંચ નામ છે તે આ પ્રમાણે છે – ૧. આભોગણતા ૨. માર્ગણતા ૩. ગવેષણતા ૪. ચિંતા ૫. વિમર્શ.

આ રીતે ઈહાનું વર્ણન છે.

સૂત્ર-૧૧૭

અવાય મતિજ્ઞાનના કેટલા પ્રકાર છે?

અવાયના છ પ્રકાર છે, જેમ કે – ૧. શ્રોત્રેન્દ્રિય અવાય, ૨. ચક્ષુરિન્દ્રિય અવાય, ૩. ઘ્રાણેન્દ્રિય અવાય, ૪. રસનેન્દ્રિય અવાય, ૫. સ્પર્શેન્દ્રિય અવાય, ૬. નોઇન્દ્રિય અવાય.

અવાયના એકાર્થક વિવિધ પ્રકારના ઘોષ અને વિવિધ પ્રકારના વ્યંજનવાળા પાંચ નામ છે – ૧. આવર્તનતા, ૨. પ્રત્યાવર્તનતા, ૩. અવાય, ૪. બુદ્ધિ, ૫. વિજ્ઞાન.

આ રીતે અવાયનું વર્ણન થયુ.

સૂત્ર-૧૧૮

ધારણા કેટલા પ્રકારની છે ?

ધારણા છ પ્રકારની છે – ૧. શ્રોત્રેન્દ્રિય ધારણા, ૨. ચક્ષુરિન્દ્રિય ધારણા, ૩. ઘ્રાણેન્દ્રિય ધારણા, ૪. રસનેન્દ્રિય ધારણા, ૫. સ્પર્શનેન્દ્રિય ધારણા, ૬. નોઇન્દ્રિય ધારણા.

ધારણાના એક અર્થવાળા વિવિધ પ્રકારના ઘોષ અને વિવિધ પ્રકારના વ્યંજન યુક્ત પાંચ પર્યાય નામ છે – ૧. ધારણા, ૨. સાધારણા, ૩. સ્થાપના, ૪. પ્રતિષ્ઠા, ૫. કોષ્ઠ.

આ રીતે ધારણા મતિજ્ઞાનનું વર્ણન છે.

સૂત્ર-૧૧૯

૧. અવગ્રહ જ્ઞાનનો કાળ એક સમયનો છે.

૨. ઈહાનો કાળ અંતર્મુહૂર્તનો છે.

૩. અવાયનો કાળ પણ અંત-ર્મુહૂર્તનો છે.

૪. ધારણાનો કાળ સંખ્યાત અથવા અસંખ્યાત કાળ છે.

સૂત્ર-૧૨૦/૧

ચાર પ્રકારના વ્યંજનાવગ્રહ, છ પ્રકારનો અર્થાવગ્રહ, છ પ્રકારની ઈહા, છ પ્રકારનો અવાય અને છ પ્રકારની ધારણા. આ પ્રમાણે અઠ્યાવીસ આભિનિબોધિક મતિજ્ઞાનના વ્યંજનાવગ્રહની પ્રતિબોધક અને મલ્લક બે ઉદાહરણ વડે પ્રરૂપણા કરીશ.

પ્રતિબોધક ઉદાહરણથી વ્યંજનાવગ્રહનું નિરૂપણ કેવા પ્રકારનુ છે ?

પ્રતિબોધક દૃષ્ટાંત આ પ્રમાણે છે – કોઈ વ્યક્તિ કોઈ સૂતેલા પુરુષને કહે, "હે ભાઈ ! હે ભાઈ ! એમ કહીને જગાડે.

શિષ્ય ફરી આ વિષયમાં પૂછે – હે ભગવન્ ! શું એવું સંબોધન કરવાથી તે પુરુષના કાનમાં એક સમયમાં પ્રવેશ કરેલા પુદ્‌ગલો ગ્રહણ કરવામાં આવે છે કે બે સમયમાં અથવા દસ સમયમાં, સંખ્યાત સમયમાં કે અસંખ્યાત સમયમાં પ્રવિષ્ટ પુદ્‌ગલો તે સૂતેલા પુરુષ દ્વારા ગ્રહણ કરવામાં આવે છે ?

ત્યારે ઉત્તર આપતા ગુરુ કહે છે કે એક સમયમાં પ્રવિષ્ટ થયેલા પુદ્‌ગલો ગ્રહણ કરવામાં આવતા નથી. બે સમય યાવત્ દસ સમયમાં કે સંખ્યાત સમયમાં ગ્રહણ થતા નથી પણ અસંખ્યાત સમયમાં પ્રવિષ્ટ થયેલા શબ્દ પુદ્‌ગલો ગ્રહણ કરવામાં આવે છે.

આ પ્રમાણે પ્રતિબોધકના દૃષ્ટાંતથી વ્યંજનાવગ્રહનું સ્વરૂપ કહ્યું છે.

સૂત્ર-૧૨૦/૨

મલ્લકના દૃષ્ટાંતથી વ્યંજનાવગ્રહનું સ્વરૂપ કેવા પ્રકારનું છે ?

જેમ કોઈ વ્યક્તિ કુંભારના નિભાડામાંથી એક શકોરુ ગ્રહણ કરી તેમાં પાણીનું એક ટીપું નાંખે તો તે નષ્ટ થઈ જાય. પછી બીજીવાર, ત્રીજીવાર એ રીતે કેટલાક ટીપાઓ નાંખે તો પણ નષ્ટ થઈ જાય. એમ નિરંતર એમાં પાણીના ટીપા નાંખતા જ રહે તો પાણીનું કોઈક ટીપું તે શકોરાને ભીનું કરશે. ત્યારબાદ કેટલાક ટીપાઓ એ શકોરામાં એકઠા થશે અને ધીરે-ધીરે તે પાણીના ટીપાઓ એ શકોરાને ભરી દેશે. પછી કેટલાક ટીપાઓ બહાર નીકળી જશે.

એ જ રીતે વ્યંજન પણ અનંત પુદ્‌ગલોથી ક્રમશઃ પૂરાઈ જાય છે અર્થાત્ જ્યારે શબ્દના પુદ્‌ગલ દ્રવ્ય શ્રોત્રમાં જઈ પરિણત થઈ જાય છે ત્યારે તે પુરુષ 'હું' એવું બોલે છે. પરંતુ એ નથી જાણતો કે આ કઈ વ્યક્તિનો શબ્દ છે ?

ત્યારબાદ તે ઈહામાં પ્રવેશ કરે છે ત્યારે તે જાણે છે કે આ અમુક વ્યક્તિનો શબ્દ હોવો જોઈએ ?

ત્યારબાદ તે અવાયમાં પ્રવેશ કરે છે ત્યારે તેને શબ્દનું જ્ઞાન (નિર્ણય) થાય છે કે આ અમુક વ્યક્તિનો જ શબ્દ છે. ત્યારબાદ તે ધારણામાં પ્રવેશ કરે છે અને સંખ્યાત અથવા અસંખ્યાત કાળ સુધી તેને ધારણ કરીને રાખે છે.

સૂત્ર-૧૨૦/૩

જેમ કોઈ પુરુષે અવ્યક્ત શબ્દ સાંભળ્યો કે –

આ કોઈ શબ્દ છે એવો તેને અવગ્રહ થાય છે, પરંતુ તે એમ ન જાણે કે આ શબ્દ કોનો છે ?

આ શબ્દ અમુકનો હોવો જોઈએ એમ વિચારણા કરે ત્યારે તે ઈહામાં (ચિંતનમાં) પ્રવેશ કરે છે.

જ્યારે એ જાણે કે આ અમુકનો જ શબ્દ છે ત્યારે તે અવાયમાં (નિર્ણયમાં) પ્રવેશ કરે છે.

ત્યારબાદ તે નિશ્ચિત કરેલ અવાયને હૃદયમાં ધારણ કરીને રાખે છે એટલે સ્મૃતિમાં રાખે છે, તેને ધારણા કહેવાય છે.

પછી તે સંખ્યાતકાળ અને અસંખ્યાતકાળ પર્યન્ત ધારણ કરીને રાખે છે.

જેમ કોઈ વ્યક્તિ અવ્યક્ત અથવા અસ્પષ્ટ રૂપને દેખે ત્યારે તે જોવે છે કે આ કોઈ રૂપ છે. એવું અસ્પષ્ટ રૂપ જાણવું તે અવગ્રહ છે. પરંતુ તે એમ ન જાણે કે આ કોનુ રૂપ છે ?

આ અમુક હોવું જોઈએ એમ વિચારે ત્યારે તે ઈહામાં પ્રવેશ કરે છે.

ત્યારબાદ તે નિશ્ચય કરે છે કે આ અમુક જ રૂપ છે, ત્યારે તે અવાયમાં પ્રવેશ કરે છે.

ત્યારબાદ તે ધારણામાં પ્રવેશ કરી તે નિશ્ચય કરેલાને સંખ્યાતકાળ અથવા અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે.

જેમ કોઈ વ્યક્તિ અવ્યક્ત ગંધને સૂંઘે છે ત્યારે આ કોઈ ગંધ છે એમ જ્ઞાન થાય તે અવગ્રહ છે પરંતુ તે એમ ન જાણે કે આ કેવા પ્રકારની ગંધ છે ?

ત્યારબાદ તે આ વિષયમાં વિચાર કરે છે કે કઈ વસ્તુની ગંધ છે ત્યારે તે ઈહામાં પ્રવેશ કરે છે.

ત્યારબાદ તે જાણે છે કે આ અમુક પ્રકારની કે અમુક વસ્તુની જ ગંધ છે ત્યારે તે અવાયમાં પ્રવેશ કરે છે.

પછી તે એ જાણેલી ગંધને સંખ્યાતકાળ અથવા અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે,

તે ધારણા કહેવાય છે.

જેમ કોઈ વ્યક્તિ અવ્યક્ત રસનો આસ્વાદ કરે ત્યારે આ કોઈ સ્વાદ છે, એવું જાણે તે અવગ્રહ છે પરંતુ એ જાણતો નથી કે આ શેનો રસ છે ?

ત્યારબાદ તે ઈહામાં પ્રવેશ કરીને, સમીક્ષા કરીને જાણે છે કે આ અમુક પ્રકારનો રસ હોવો જોઈએ.

ત્યારબાદ અવાયમાં પ્રવેશ કરીને તે નિશ્ચય કરે છે કે આ અમુકનો જ રસ છે,

ત્યારબાદ તે રસના સ્વાદને સંખ્યાતકાળ અથવા અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે,

તે ધારણા કહેવાય છે.

જેમ કોઈ પુરુષ અવ્યક્ત સ્પર્શનો અનુભવ કરે છે ત્યારે તેને આ સ્પર્શ છે એમ અવગ્રહ થાય છે, પણ આ કોનો સ્પર્શ છે તે જાણતો નથી.

પછી તે ઈહામાં પ્રવેશ કરીને સમીક્ષા કરે છે કે આ અમુકનો સ્પર્શ હોવો જોઈએ.

ત્યારબાદ અવાયમાં પ્રવેશ કરીને તે નિર્ણય કરે છે કે આ અમુકનો જ સ્પર્શ છે.

પછી એ જ્ઞાનને સંખ્યાતકાળ અને અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે,

તે ધારણા છે.

જેમ કોઈ પુરુષ અવ્યક્ત સ્વપ્નને જુએ છે ત્યારે તે આ સ્વપ્ન છે એમ જાણે છે તે અવગ્રહ છે. પણ આ કોનુ સ્વપ્ન છે તે જાણતો નથી.

પછી તે ઈહામાં પ્રવેશ કરીને સમીક્ષા કરે છે કે આ અમુક પ્રકારનુ સ્વપ્ન હોવુ જોઈએ.

ત્યાર બાદ તે અવાયમાં પ્રવેશ કરીને નિર્ણય કરે છે કે આ અમુક પ્રકારનું જ સ્વપ્ન છે.

ત્યારબાદ તે ધારણામાં પ્રવેશ કરીને તેને સંખ્યાતકાળ અથવા અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે. તે ધારણા છે.

**સૂત્ર-૧૨૧**

તે આભિનિબોધિક-મતિજ્ઞાન સંક્ષેપથી ચાર પ્રકારે કહ્યું છે. જેમ કે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

૧. દ્રવ્યથી મતિજ્ઞાની સામાન્ય રૂપે સર્વ દ્રવ્યોને જાણે છે પણ દેખે નહીં.

૨. ક્ષેત્રથી મતિજ્ઞાની સામાન્ય રૂપે સર્વ ક્ષેત્રને જાણે છે પણ દેખે નહીં.

૩. કાળથી મતિજ્ઞાની સામાન્ય રૂપે ત્રણે કાળને જાણે છે પણ દેખે નહીં.

૪. ભાવથી મતિજ્ઞાની સામાન્ય રૂપે સર્વ ભાવોને જાણે છે પણ દેખે નહીં.

**સૂત્ર-૧૨૨ થી ૧૨૮**

૧૨૨. આભિનિબોધિક મતિજ્ઞાનના સંક્ષેપમાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એ ચાર ભેદ ક્રમથી બતાવ્યા છે.

૧૨૩. ઈન્દ્રિય વિષયોને ગ્રહણ કરવામાં અવગ્રહ મતિજ્ઞાન થાય છે.

તે ગ્રહણ કરેલ વિષયમાં સમીક્ષા કરવાથી ઈહા મતિજ્ઞાન થાય છે.

તે વિષયમાં નિર્ણય થવો તે અવાય મતિજ્ઞાન છે અને

તે નિર્ણયરૂપ અવાય મતિજ્ઞાનને સ્મૃતિના રૂપમાં ધારણ કરવું, તે ધારણા કહેવાય છે.

૧૨૪. અવગ્રહ જ્ઞાનનું કાળ પરિમાણ એક સમયનું છે.

ઈહા અને અવાય જ્ઞાનનું કાળપરિમાણ અંતર્મુહૂર્ત છે તથા

ધારણાનું કાળ પરિમાણ સંખ્યાત કાળ અથવા અસંખ્યાત કાળ પર્યંત છે એમ જાણવુ અર્થાત્ ધારણાનો ઉત્કૃષ્ટ કાળ અસંખ્ય વર્ષોનો છે.

૧૨૫. શ્રોત્રેન્દ્રિયની સાથે સ્પૃષ્ટ થવા પર જ શબ્દ સાંભળી શકાય છે પરંતુ નેત્ર રૂપને સ્પૃષ્ટ કર્યા વગર જ દેખે છે. કારણ કે ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે.

ઘ્રાણ, રસન અને સ્પર્શન ઈન્દ્રિયો દ્વારા બદ્ધ અને સ્પૃષ્ટ થયેલા ગંધ, રસ અને સ્પર્શના પુદ્‌ગલો જ જાણવામાં આવે છે. એમ કહેવું જોઈએ.

૧૨૬. વક્તા દ્વારા તજાયેલ ભાષા રૂપ પુદ્‌ગલ-સમૂહની સમશ્રેણિમાં સ્થિત શ્રોતા જે શબ્દ સાંભળે છે તે નિયમથી અન્ય શબ્દદ્રવ્યોથી મિશ્રિત જ સાંભળે છે.

વિશ્રેણિમાં સ્થિત શ્રોતા નિયમથી પરાઘાત થયેલ શબ્દને જ સાંભળે છે.

૧૨૭. ૧. ઈહા- સદર્થ પર્યાલોચનરૂપ ૨. અપોહ- નિશ્ચયાત્મક જ્ઞાનસમીક્ષા ૩. વિમર્શ- વિચારણા

૪. માર્ગણા -અન્વયધર્મ વિધાનરૂપ વિચારણા ૫. ગવેષણા- વ્યતિરેક ધર્મનિરાકરણરૂપ વિચારણા

૬. સંજ્ઞા ૭. સ્મૃતિ ૮. મતિ ૯. પ્રજ્ઞા

એ દરેક આભિનિબોધિક મતિજ્ઞાનના પર્યાયવાચી નામ છે.

૧૨૮. આ આભિનિબોધિક જ્ઞાનરૂપ પરોક્ષ જ્ઞાનનું વર્ણન પૂર્ણ થયું.

**આ રીતે મતિજ્ઞાનનું વર્ણન સંપૂર્ણ થયું.**

## શ્રુતજ્ઞાન

**સૂત્ર-૧૨૯**

શ્રુતજ્ઞાનરૂપ પરોક્ષજ્ઞાન કેટલા પ્રકારનું છે ?

શ્રુતજ્ઞાનરૂપ પરોક્ષજ્ઞાન ચૌદ પ્રકારનું છે. જેમ કે –

૧. અક્ષર શ્રુત ૨. અનક્ષર શ્રુત ૩. સંજ્ઞી શ્રુત ૪. અસંજ્ઞીશ્રુત ૫. સમ્યક્ શ્રુત ૬. મિથ્યાશ્રુત

૭. સાદિશ્રુત ૮. અનાદિશ્રુત ૯. સપર્યવસિત શ્રુત ૧૦. અપર્યવસિત શ્રુત ૧૧. ગમિકશ્રુત

૧૨. અગમિકશ્રુત ૧૩. અંગપ્રવિષ્ટ શ્રુત ૧૪. અનંગપ્રવિષ્ટ શ્રુત.

**સૂત્ર-૧૩૦/૧**

અક્ષરશ્રુતના કેટલા પ્રકાર છે?

અક્ષરશ્રુતના ત્રણ પ્રકાર છે, જેમ કે – ૧. સંજ્ઞા અક્ષર ૨. વ્યંજન અક્ષર ૩.લબ્ધિ અક્ષર.

સંજ્ઞા અક્ષર કોને કહેવાય છે ?

અક્ષરનું સંસ્થાન અથવા આકૃતિ આદિ, જે ભિન્ન-ભિન્ન લિપિઓમાં ભિન્ન-ભિન્ન રીતે લખાય છે તેને સંજ્ઞાઅક્ષર કહેવાય છે.

વ્યંજન અક્ષર કોને કહેવાય છે ?

ઉચ્ચારણ કરવામાં આવતા અક્ષરોને વ્યંજન અક્ષર કહેવાય છે.

લબ્ધિ અક્ષર કોને કહેવાય છે ?

અક્ષર લબ્ધિધારી જીવને લબ્ધિઅક્ષર ઉત્પન્ન થાય છે અર્થાત ભાવરૂપ શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે. જેમ કે –

શ્રોત્રેન્દ્રિય લબ્ધિ અક્ષર, ચક્ષુરિન્દ્રિય લબ્ધિ અક્ષર, ઘ્રાણેન્દ્રિય લબ્ધિ અક્ષર, રસ-નેન્દ્રિય લબ્ધિ અક્ષર, સ્પર્શેન્દ્રિય લબ્ધિ અક્ષર, નોઇન્દ્રિય લબ્ધિ અક્ષર.

આ પ્રમાણે લબ્ધિ અક્ષર છે અને

**આ પ્રમાણે અક્ષર શ્રુતનું વર્ણન થયું.**

**સૂત્ર-૧૩૦/૨ થી ૧૩૨**

**૧૩૦/૨.** અનક્ષર શ્રુતના કેટલા પ્રકાર છે ?

અનક્ષર શ્રુતના અનેક પ્રકાર કહ્યા છે, જેમ કે –

**૧૩૧..**શ્વાસ લેવો, શ્વાસ મૂકવો, થૂંકવુ, ઉધરસ ખાવી, છીંક ખાવી, નાક સાફ કરવું તેમજ બીજી અનુસ્વરાયુક્ત ચેષ્ટા કરવી.

**૧૩૨..** એ દરેક અવાજ અનક્ષર શ્રુત છે.

**સૂત્ર-૧૩૩**

સંજ્ઞી શ્રુત કેટલા પ્રકારનું છે ?

સંજ્ઞી શ્રુત ત્રણ પ્રકારનું છે, જેમ કે – ૧. કાલિકોપદેશથી ૨. હેતુ-ઉપદેશથી ૩. દૃષ્ટિવાદોપદેશથી.

૧. કાલિકોપદેશથી સંજ્ઞીશ્રુત કેવા પ્રકારનું છે ?

કાલિકોપદેશથી – જેને ઇહા, અપોહ-નિશ્ચય, માર્ગણા-અન્વય ધર્માન્વેષણ, ગવેષણા-વ્યતિરેક ધર્માન્વેષણ, પર્યાલોચન, ચિંતા-કેમ થશે ?

એ રીતે પર્યાલોચન, વિમર્શ-વિચાર થાય તેને સંજ્ઞી કહેવાય છે.

જેને ઇહા, અપોહ, માર્ગણા, ગવેષણા, ચિંતા અને વિમર્શ ન હોય તેને અસંજ્ઞી કહેવાય છે.

સંજ્ઞી જીવોનું શ્રુત તે સંજ્ઞીશ્રુત કહેવાય અને અસંજ્ઞી જીવોનું શ્રુત તે અસંજ્ઞીશ્રુત કહેવાય છે.

આ કાલિકોપદેશથી સંજ્ઞી અને અસંજ્ઞી શ્રુત છે.

૨. હેતુપદેશથી સંજ્ઞી શ્રુત કેવા પ્રકારનું છે ?

હેતુપદેશથી જે જીવનું અવ્યક્ત અથવા વ્યક્ત વિજ્ઞાન વડે વિચાર પૂર્વક ક્રિયા કરવાની શક્તિ-પ્રવૃત્તિ છે તેને સંજ્ઞી કહેવાય છે.

તેનાથી વિપરીત જે પ્રાણીની અભિસંધારણ એવી વિચાર પૂર્વક ક્રિયા કરવાની શક્તિ-પ્રવૃત્તિ ન હોય તે અસંજ્ઞી હોય છે. આ હેતુ ઉપદેશથી સંજ્ઞી અસંજ્ઞીશ્રુત છે.

૩. દષ્ટિવાદોપદેશની અપેક્ષાએ સંજ્ઞીશ્રુત કેવા પ્રકારનું છે ?

દષ્ટિવાદોપદેશની અપેક્ષાએ સંજ્ઞીશ્રુતના ક્ષયોપશમ થી સંજ્ઞીશ્રુત કહેવાય છે.

અસંજ્ઞીશ્રુતના ક્ષયોપશમથી અસંજ્ઞીશ્રુત કહેવાય છે. આ દષ્ટિવાદોપદેશનું વર્ણન છે.

આ રીતે સંજ્ઞીશ્રુત અને અસંજ્ઞીશ્રુતનું વર્ણન છે.

સૂત્ર-૧૩૪

સમ્યક્ શ્રુત કોને કહેવાય ?

સમ્યક્ શ્રુત એટલે ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનાર, ત્રિલોકવર્તી જીવોએ આદર-સન્માન અને ભક્તિભાવથી જોયેલ, ઉત્કીર્તન કરેલ, ભાવયુક્ત નમસ્કાર કરેલ એવા અતીત, વર્તમાન અને અનાગતને જાણનાર, સર્વજ્ઞ અને સર્વદર્શી તીર્થંકર ભગવંતો દ્વારા પ્રણીત-અર્થથી કથન કરાયેલ આ દ્વાદશાંગ રૂપ ગણિપિટક છે. જેમ કે –

૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. સ્થાનાંગ, ૪. સમવાયાંગ, ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, ૬. જ્ઞાતાધર્મકથા, ૭. ઉપાશકદશા, ૮. અંતકૃત્ દશા, ૯. અનુત્તરોપપાતિક દશા, ૧૦. વ્યાકરણ, ૧૧. વિપાક અને ૧૨. દષ્ટિવાદ.

આ સમ્યક્ શ્રુત છે.

આ દ્વાદશાંગ ગણિપિટક ચૌદ પૂર્વધારીનું સમ્યક્ શ્રુત જ હોય છે.

સંપૂર્ણ દશ પૂર્વધારીનું પણ સમ્યક્ શ્રુત જ હોય છે.

દશ પૂર્વમાં કંઈક ન્યૂન અને નવ આદિ પૂર્વનું જ્ઞાન હોય તો વિકલ્પે અર્થાત્ સમ્યક્ શ્રુત હોય કે ન પણ હોય.

**આ પ્રમાણે સમ્યક્ શ્રુતનું વર્ણન છે.**

સૂત્ર-૧૩૫

મિથ્યાશ્રુતનું સ્વરૂપ કેવું છે ?

અજ્ઞાની અને મિથ્યાદષ્ટિઓ દ્વારા સ્વચ્છંદ અને વિપરીત બુદ્ધિ વડે કલ્પિત કરેલ ગ્રંથ મિથ્યાશ્રુત છે,

જેમ કે – ૧. મહાભારત ૨. રામાયણ ૩. ભીમાસુરોક્ત ૪. કૌટિલ્ય ૫. શકટભદ્રિકા ૬. ઘોટક મુખ ૭. કાર્પાસિક ૮. નાગ-સૂક્ષ્મ ૯. કનકસપ્તતિ ૧૦. વૈશેષિક ૧૧. બુદ્ધવચન ૧૨. ત્રૈરાશિક ૧૩. કાપિલીય ૧૪. લોકાયત ૧૫. ષષ્ટિતંત્ર ૧૬. માઢર ૧૭. પુરાણ ૧૮. વ્યાકરણ ૧૯. ભાગવત ૨૦. પાતંજલિ ૨૧. પુષ્પદૈવત ૨૨. લેખ ૨૩. ગણિત ૨૪. શકુનિરુત ૨૫. નાટક

અથવા બોંતેર કલાઓ તેમજ ચાર વેદ અંગોપાંગ સહિત. આ બધા મિથ્યાદષ્ટિ દ્વારા મિથ્યારૂપમાં ગ્રહણ કરેલ છે, માટે તે મિથ્યાશ્રુત છે.

આ જ ગ્રંથ સમ્યક્ દષ્ટિ દ્વારા સમ્યક્રૂપે ગ્રહણ કરાયેલ હોય તો સમ્યક્શ્રુત છે

અથવા મિથ્યાદષ્ટિ માટે પણ આ જ ગ્રંથશાસ્ત્ર ક્યારેક સમ્યક્શ્રુત રૂપ થાય છે.

એમ કેમ ? જ્યારે એ શાસ્ત્ર તેના સમ્યક્ત્વમાં હેતુ થઈ જાય છે અર્થાત્ કોઈ મિથ્યાદષ્ટિ એ ગ્રંથોથી પ્રેરિત થઈને પોતાના મિથ્યાત્વનો ત્યાગ કરી દે છે. આ પ્રમાણે આ મિથ્યાશ્રુતનું સ્વરૂપ છે.

સૂત્ર-૧૩૬

સાદિ સપર્યવસિત અને અનાદિ અપર્યવસિત શ્રુતનું સ્વરૂપ કેવું છે ?

આ દ્વાદશાંગ રૂપ ગણિપિટક, વિચ્છેદ થવાની અપેક્ષાએ સાદિ-સાંત છે અને વિચ્છેદ નહીં થવાની અપેક્ષાએ સાદિ અંત રહિત છે. આ શ્રુતજ્ઞાનનું સંક્ષેપથી ચાર પ્રકારે વર્ણન કરેલ છે, જેમ કે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

તેમાં ૧. દ્રવ્યથી સમ્યક્શ્રુત એક પુરુષની અપેક્ષાએ સાદિ અને સાંત છે. ઘણા પુરુષોની અપેક્ષાએ આદિ અને અંતથી રહિત છે.

૨. ક્ષેત્રથી સમ્યક્શ્રુત પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રની અપેક્ષાએ સાદિ સાંત છે. પાંચ મહાવિદેહની અપેક્ષાએ અનાદિ અનંત છે.

૩. કાળથી સમ્યક્શ્રુત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળની અપેક્ષાએ સાદિ સાંત છે. નો-અવસર્પિણી અર્થાત્ અવસ્થિત કાળની અપેક્ષાએ અનાદિ અનંત છે.

૪. ભાવથી સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકરો દ્વારા જે ભાવ જે સમયે સામાન્ય રૂપથી કહેવાય છે, જે નામ આદિ ભેદ દર્શાવવા માટે વિશેષ રૂપે કથન કરાય છે. હેતુ દૃષ્ટાંતના ઉપદર્શનથી જે સ્પષ્ટતર કહેવાય અને ઉપનય તથા નિગમનથી જે સ્થાપિત કરાય, તે ભાવોની અપેક્ષાએ સાદિ-સાંત છે. ક્ષયોપશમ ભાવની અપેક્ષાએ સમ્યક્શ્રુત અનાદિ અનંત છે.

અથવા ભવસિદ્ધિક (ભવ્ય) જીવોનું શ્રુત સાદિ સાંત છે, અભવસિદ્ધિક અભવ્ય) જીવોનું મિથ્યાશ્રુત અનાદિ અનંત છે.

સંપૂર્ણ આકાશ પ્રદેશોની સંખ્યાને, સમસ્ત આકાશ પ્રદેશોની સંખ્યા સાથે અનંતવાર ગુણાકાર કરવાથી પર્યાય અક્ષર-ગુણોની પર્યવ પર્યાય) સંખ્યા નિષ્પન્ન થાય છે. દરેક જીવોના પર્યાય-અક્ષરનો અર્થાત્ શ્રુતજ્ઞાનના પર્યાયોનો અનંતમો ભાગ સદા ઉદ્ઘાટિત નિરાવરણ) રહે છે.

જો તે પણ આવરણને પ્રાપ્ત થઈ જાય તો તેનાથી જીવાત્મા અજીવ-ભાવને પ્રાપ્ત થઈ જાય છે. કેમ કે ચેતના એ જીવનું લક્ષણ છે. પરંતુ એમ થાય નહીં. જેમ કે વાદળોના અત્યધિક પડળો ચંદ્ર અને સૂર્યની ઉપર આવી જાય તો પણ તેની પ્રભા કંઈક તો દેખાય જ છે. તેમ જીવના શ્રુતગુણ પર્યવ પર્યાય) પણ કર્મોના કેટલાય આવરણ આવી જાય તો પણ કંઈક નિરાવરણ રહે છે, પૂર્ણ આવરિત થતા નથી.

આ રીતે સાદિ-સાંત અને અનાદિ અનંત શ્રુતનું વર્ણન છે.

**સૂત્ર-૧૩૭/૧**

ગમિકશ્રુતનું સ્વરૂપ કેવું છે ?

દૃષ્ટિવાદ બારમું અંગ સૂત્ર એ ગમિકશ્રુત છે.

અગમિકશ્રુતનું સ્વરૂપ કેવું છે ?

ગમિકથી ભિન્ન આચારાંગ આદિ કાલિકશ્રુતને અગમિકશ્રુત કહેવાય છે. આ પ્રમાણે ગમિક અને અગમિક શ્રુતનું વર્ણન છે.

**સૂત્ર-૧૩૭/૨**

અથવા શ્રુત સંક્ષેપમાં બે પ્રકારનું કહ્યું છે – ૧. અંગ પ્રવિષ્ટ ૨. અંગ બાહ્ય.

અંગબાહ્ય શ્રુત કેટલા પ્રકારનું છે ?

અંગબાહ્યશ્રુત બે પ્રકારનું છે – ૧. આવશ્યક ૨. આવશ્યકથી ભિન્ન.

આવશ્યક શ્રુતનું સ્વરૂપ કેવું છે ?

આવશ્યક શ્રુત છ પ્રકારનું છે – ૧. સામાયિક, ૨. ચતુર્વિંશતિ સ્તવ, ૩. વંદણા, ૪. પ્રતિક્રમણ, ૫. કાયોત્સર્ગ અને ૬. પ્રત્યાખ્યાન. **આ આવશ્યક શ્રુતનું વર્ણન છે.**

**સૂત્ર-૧૩૭/૩**

આવશ્યક સિવાય શ્રુતના કેટલા પ્રકાર છે ?

આવશ્યક સિવાય શ્રુતના બે પ્રકાર છે – કાલિક અને ઉત્કાલિક.

ઉત્કાલિક શ્રુત કેટલા પ્રકારે છે ?

તે અનેક પ્રકારનું છે, જેમ કે –

૧. દશવૈકાલિક, ૨. કલ્પાકલ્પ, ૩. ચુલ્લકલ્પશ્રુત, ૪. મહાકલ્પશ્રુત, ૫. ઔપપાતિક, ૬. રાજપ્રશ્નીય, ૭. જીવાભિગમ, ૮. પ્રજ્ઞાપના, ૯. મહાપ્રજ્ઞાપના, ૧૦. પ્રમાદાપ્રમાદ, ૧૧. નંદી, ૧૨. અનુયોગદ્વાર, ૧૩. દેવેન્દ્રસ્તવ, ૧૪. તંદુલવૈચારિક, ૧૫. ચંદ્રવિદ્યા, ૧૬. સૂર્યપ્રજ્ઞપ્તિ, ૧૭. પૌરુષીમંડળ, ૧૮. મંડળ પ્રદેશ, ૧૯. વિદ્યાચરણવિનિશ્ચય, ૨૦. ગણિવિદ્યા, ૨૧. ધ્યાન વિભક્તિ, ૨૨. મરણવિભક્તિ, ૨૩. આત્મવિશુદ્ધિ, ૨૪. વીતરાગશ્રુત, ૨૫. સંલેખનાશ્રુત, ૨૬. વિહારકલ્પ, ૨૭. ચરણવિધિ, ૨૮. આતુરપ્રત્યખ્યાન, ૨૯. મહા-પ્રત્યાખ્યાન ઈત્યાદિ..

**આ રીતે ઉત્કાલિક શ્રુતનું વર્ણન છે.**

સૂત્ર-૧૩૭/૪

કાલિકશ્રુત કેટલા પ્રકારનું છે ?

કાલિકશ્રુતના અનેક પ્રકાર છે, જેમ કે –

૧. ઉત્તરાધ્યયન સૂત્ર, ૨. દશાશ્રુતસ્કંધ, ૩. બૃહત્કલ્પ, ૪. વ્યવહાર, ૫. નિશીથ, ૬. મહાનિશીથ, ૭. ઋષિભાષિત, ૮. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ૯. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ, ૧૦. ચંદ્ર પ્રજ્ઞપ્તિ, ૧૧. ક્ષુદ્રિકાવિમાન પ્રવિભક્તિ, ૧૨. મહલ્લિકાવિમાન પ્રવિભક્તિ, ૧૩. અંગચૂલિકા, ૧૪. વર્ગચૂલિકા, ૧૫. વિવાહચૂલિકા, ૧૬. અરુણોપપાત, ૧૭. વરુણોપપાત, ૧૮. ગરુડોપપાત, ૧૯. ધરણોપપાત, ૨૦. વૈશ્રમણોપપાત, ૨૧. વેલંધરોપપાત, ૨૨. દેવેન્દ્રોપપાત, ૨૩. ઉત્થાન શ્રુત, ૨૪. સમુત્થાન શ્રુત, ૨૫. નાગપરિજ્ઞાપનિકા, ૨૬. નિરયાવલિકા, ૨૭. કલ્પિકા, ૨૮. કલ્પાવતંસિકા, ૨૯. પુષ્પિકા, ૩૦. પુષ્પચૂલિકા, ૩૧. વૃષ્ણિદશા.

ચોર્યાસી હજાર પ્રકીર્ણક પ્રથમ તીર્થંકર અરિહંત ભગવાન ઋષભદેવ સ્વામીના,

સંખ્યાતા પ્રકીર્ણક મધ્યમ તીર્થંકરોના અને

ચૌદ હજાર પ્રકીર્ણક ભગવાન વર્ધમાન સ્વામીના હતા.

તેનાથી અતિરિક્ત જે તીર્થંકરના જેટલા શિષ્ય ઔત્પાતિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી બુદ્ધિથી યુક્ત હોય એટલા હજાર પ્રકીર્ણક બની શકે છે.

પ્રત્યેક બુદ્ધ પણ એટલા જ હોય છે.

આ કાલિકશ્રુતનું વર્ણન થયું.

એ જ રીતે આવશ્યક વ્યતિરિક્ત શ્રુતનું વર્ણન જાણવુ અને એ જ રીતે

**અનંગ પ્રવિષ્ટ શ્રુતનું વર્ણન છે.**

સૂત્ર-૧૩૮

અંગપ્રવિષ્ટ શ્રુત કેટલા પ્રકારનું છે ?

અંગપ્રવિષ્ટ શ્રુત બાર પ્રકારનું છે, જેમ કે –

૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. સ્થાનાંગ, ૪. સમ-વાયાંગ, ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ભગવતી, ૬. જ્ઞાતાધર્મકથાંગ, ૭. ઉપાશકદશાંગ, ૮. અંતકૃત્દશાંગ, ૯. અનુત્તરોપપા-તિકદશાંગ, ૧૦. વ્યાકરણ, ૧૧. વિપાક, ૧૨. દૃષ્ટિવાદ.

સૂત્ર-૧૩૯

આચારાંગ સૂત્ર કેવા પ્રકારનું છે?

આચારાંગ સૂત્રમાં બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત શ્રમણ નિર્ગ્રન્થોના આચાર, ગોચર, ભિક્ષા ગ્રહણ કરવાની વિધિ, વિનય (જ્ઞાનાદિનો વિનય), વિનયનું ફળ, ક્રમક્ષય આદિ, ગ્રહણ અને આસેવન રૂપ શિક્ષા,

બોલવા યોગ્ય સત્ય અને વ્યવહાર ભાષા અને ત્યાજ્ય મિશ્ર તથા અસત્ય ભાષા, ચરણ-વ્રતાદિ, કરણ-પિંડવિશુદ્ધિ આદિ, યાત્રા-સંયમનો નિર્વાહ યોગ્ય ગ્રાહ્ય પદાર્થોની માત્રા, મર્યાદા ઇત્યાદિ વિષયોનું વર્ણન કરેલ છે

તે આચાર સંક્ષેપથી પાંચ પ્રકારે પ્રતિપાદન કરેલ છે. જેમ કે – ૧. જ્ઞાનાચાર, ૨. દર્શનાચાર, ૩. ચારિત્રાચાર, ૪. તપાચાર, ૫. વીર્યાચાર.

આચારાંગ સૂત્ર અને અર્થથી પરિમિત વાચનાઓથી પૂર્ણ છે, તેમાં શબ્દોની વ્યાખ્યા કરવાના દ્વાર સંખ્યાત છે. સંખ્યાત વેઢ) વેષ્ટક અર્થાત્ સરખા પાઠના આલાપક છે. સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ છે અર્થાત્ શબ્દોની વ્યુત્પત્તિઓ ઉત્પત્તિઓ) પણ સંખ્યાત છે અને સંખ્યાત માન્યતાઓ (વિકલ્પો) તેમાં વર્ણિત છે.

આચારાંગ સૂત્ર અંગસૂત્રોમાં પ્રથમ અંગ છે. તેમાં બે શ્રુતસ્કંધ છે, પચ્ચીશ અધ્યયન છે, પંચાસી ઉદ્દેશનકાલ છે, પંચાસી સમુદ્દેશનકાલ છે. પદપરિમાણથી અઢાર હજાર પદ છે. સંખ્યાત અક્ષર છે. અનંત આશય તેમાં રહેલા છે અને અનંત જ્ઞાનપર્યવ તેમાં નિહિત છે. પરિમિત ત્રસ અને અનંત સ્થાવર જીવોનું તેમાં અપેક્ષિત વર્ણન છે.

શાશ્વત અને અશાશ્વત ભાવો તેમાં સંગ્રહિત છે. નિર્યુક્તિ, સંગ્રહણી, હેતુ, ઉદાહરણ આદિથી સ્થિર કરેલ છે, નિર્ણિત કરેલ છે. આ સર્વ જિન-પ્રજ્ઞપ્ત ભાવો, સામાન્ય રૂપે કહેલ છે, ભેદ પ્રભેદથી વિસ્તૃત કરેલ છે, દષ્ટાંતપૂર્વક, ઉપમા વડે અને હેતુ, તર્ક, પ્રશ્નોત્તર વડે સમજાવેલ છે તથા નિગમન અને પરિણામ દર્શાવીને પુષ્ટ કરેલ છે.

આચારાંગને ગ્રહણ-ધારણ કરનારા, તેના અનુસાર ક્રિયા કરનારા, આચારની સાક્ષાત મૂર્તિ બની જાય છે, તે ભાવોના જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે.

આ પ્રમાણે આચારાંગ સૂત્રમાં ચરણ-કરણની પ્રરૂપણા કરી છે

અથવા આ પ્રકારે આ આચારાંગ સૂત્રનું સ્વરૂપ વર્ણિત છે, વિખ્યાત છે, વિજ્ઞાત છે અને

આ રીતે એમાં સંયમાચારી અને સંયમ પ્રવૃત્તિઓની પ્રરૂપણા કરેલ છે.

**આ રીતે આચારાંગનું વર્ણન છે.**

**સૂત્ર-૧૪૦**

સૂત્રકૃતાંગમાં કયા વિષયનું વર્ણન છે ?

સૂત્રકૃતાંગમાં ષડ્દ્રવ્યાત્મક લોક સૂચિત કરવામાં આવેલ છે, કેવળ આકાશ દ્રવ્યમય અલોક સૂચિત કરવામાં આવેલ છે અને લોકાલોક પણ સૂચિત કરેલ છે. આ પ્રમાણે જીવ, અજીવ અને જીવાજીવની સૂચના આપેલી છે, સ્વમત, પરમત અને સ્વ-પરમતની સૂચના આપેલી છે.

સૂત્રકૃતાંગમાં એકસો એંસી ક્રિયાવાદીઓના, ચોરાસી અક્રિયાવાદીઓના, સડસઠ અજ્ઞાનવાદીઓના અને બત્રીસ વિનયવાદીઓના આ રીતે ત્રણસો ત્રેસઠ પાખંડીઓના મતોનું નિરાકરણ કરીને સ્વસિદ્ધાંતની સ્થાપના કરાયેલ છે.

સૂત્રકૃતાંગમાં પરિમિત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત વેષ્ટક-આલાપક, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

આ સૂત્ર અંગ આગમની દષ્ટિથી બીજું છે. એમાં બે શ્રુતસ્કંધ અને ત્રેવીસ અધ્યયન છે, તેત્રીસ ઉદ્દેશનકાળ અને તેત્રીસ સમુદ્દેશનકાળ છે.

સૂત્રકૃતાંગનું પદ-પરિમાણ છત્રીશ હજાર છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંતગમ, અનંત પર્યવ (પર્યાય), પરિમિત

ત્રસ અને અનંત સ્થાવર જીવોનો તેમાં સમાવેશ છે.

ધર્માસ્તિકાય આદિ તેમાં શાશ્વત અને અશાશ્વત ભાવો, નિબદ્ધ તેમજ હેતુ આદિ વડે સિદ્ધ કરેલ છે. જિન પ્રણિત ભાવ કહેવામાં આવેલ છે અને એનું પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન કરવામાં આવેલ છે.

સૂત્રકૃતાંગનું અધ્યયન કરનારા તદ્રૂપ અર્થાત્ સૂત્રગત વિષયોમાં તલ્લીન હોવાથી તદાકાર આત્મા, જ્ઞાતા તેમજ વિજ્ઞાતા બની જાય છે.

અથવા સૂત્રકૃતાંગ સૂત્રનું આ સ્વરૂપ છે, આ રીતે તે વિખ્યાત છે, વિજ્ઞાત છે.

આ પ્રમાણે આ સૂત્રમાં ચરણ-કરણની પ્રરૂપણા કરવામાં આવી છે.

**આ રીતે સૂત્રકૃતાંગનું વર્ણન છે.**

### સૂત્ર-૧૪૧

સ્થાનાંગ સૂત્રમાં શું બતાવ્યું છે ?

સ્થાનાંગ સૂત્રમાં જીવ સ્થાપિત કરેલ છે, અજીવ સ્થાપિત કરેલ છે અને જીવાજીવની સ્થાપના કરેલ છે. સ્વસમય-જૈન સિદ્ધાંતની સ્થાપના કરેલ છે, પરસમય-જૈનેતર સિદ્ધાંતની સ્થાપના કરેલ છે. તેમજ જૈન અને જૈનેતર, .ભય પક્ષોની સ્થાપના કરેલ છે. લોક, અલોક અને લોકાલોકની સ્થાપના કરેલ છે.

સ્થાનાંગ સૂત્રમાં ટંક-છિન્નતટ પર્વત, કૂટ પર્વત, શિખરયુક્ત પર્વત, કંઈક વળાંકવાળા પર્વત, ગંગાકુંડ આદિ કુંડ, પૌંડરીક આદિ દ્રહ, ગંગા આદિ નદીઓનું કથન કરવામાં આવેલ છે. સ્થાનાંગમાં એકથી લઈને દસ સુધી વૃદ્ધિ કરીને ભાવોની પ્રરૂપણા કરેલ છે.

સ્થાનાંગ સૂત્રમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત વેઢ-છંદ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

તે અંગની અપેક્ષાએ તૃતીય અંગ છે. એમાં એક શ્રુતસ્કંધ અને દસ અધ્યયન છે, એકવીસ ઉદ્દેશનકાળ અને એકવીસ સમુદ્દેશનકાળ છે.

તેમાં પદોની સંખ્યા બોંતેર હજાર છે, સંખ્યાત અક્ષર અને અનંતગમ છે, અનંતપર્યાય, પરિમિત ત્રસ અને અનંત સ્થાવર છે. શાશ્વત, અશાશ્વત બંને પદાર્થોથી યુક્ત અને તેનો નિર્ણય કરનારા જિનેશ્વર કથિત ભાવો કહેલ છે. તેનું પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન કરવામાં આવેલ છે.

સ્થાનાંગ સૂત્રનું અધ્યયન કરનારા તદાત્મરૂપ જ્ઞાતા તેમજ વિજ્ઞાતા બની જાય છે.

અથવા આ સ્થાનાંગનું સ્વરૂપ છે તે આ રૂપે વિખ્યાત અને વિજ્ઞાત છે.

આ રીતે એમાં ચરણ-કરણની પ્રરૂપણા કરેલ છે.

**આ રીતે સ્થાનાંગ સૂત્રનું વર્ણન છે.**

### સૂત્ર-૧૪૨

સમવાયાંગ શ્રુતમાં કયા વિષયનું વર્ણન છે ?

સમવાયાંગ સૂત્રમાં યથાવસ્થિત રૂપથી જીવ, અજીવ અને જીવાજીવનું વર્ણન કરેલ છે અર્થાત્ એની સમ્યક્ પ્રરૂપણા કરી છે. સ્વદર્શન, પરદર્શન અને સ્વ-પરદર્શનનું આશ્રયણ વર્ણન) કરેલ છે. લોક, અલોક અને લોકાલોક નું આશ્રયણ કરેલ છે.

સમવાયાંગમાં એકથી લઈને સો સ્થાન સુધી ભાવોની પ્રરૂપણા કરેલી છે અને દ્વાદશાંગ ગણિપિટકનો સંક્ષેપમાં પરિચય આપેલ છે.

સમવાયાંગમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

આ સૂત્ર અંગની અપેક્ષાએ ચોથું અંગ છે. એમાં એક શ્રુતસ્કંધ, એક અધ્યયન, એક ઉદ્દેશનકાળ અને એક સમુદ્દેશનકાળ છે.

તેનું પદ પરિમાણ એક લાખ ચુમ્માલીસ હજાર છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત પર્યાય, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-કૃત્, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવો, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.

સમવાયાંગનું અધ્યયન કરનારા તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે.

અથવા આ સમવાયાંગ સૂત્રનું સ્વરૂપ છે, વિખ્યાત છે, વિજ્ઞાત છે અને

આ રીતે એમાં ચરણ-કરણની પ્રરૂપણા કરેલ છે.

**આ સમવાયાંગનું વર્ણન છે.**

## સૂત્ર-૧૪૩

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં કોનું વર્ણન છે ?

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં જીવોની, અજીવોની અને જીવાજીવોની વ્યાખ્યા કરી છે. સ્વસમય, પરસમય અને સ્વ-પર, ઉભય સિદ્ધાંતોની વ્યાખ્યા તથા લોક, અલોક અને લોકાલોકના સ્વરૂપનું વ્યાખ્યાન કરેલ છે.

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત વેષ્ટિક-આલાપક, સંખ્યાત શ્લોક પરિમાણ, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

અંગની અપેક્ષાએ આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર પાંચમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ અને કંઈક અધિક એક સો અધ્યયન છે. તેમાં દસ હજાર ઉદ્દેશક છે, દસ હજાર સમુદ્દેશક છે, છત્રીશ હજાર પ્રશ્નોત્તર અને બે લાખ અઠ્યાસી હજાર પદ પરિમાણ છે.

તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત પર્યાય, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-અશાશ્વત કૃત, નિશ્ચિત કરેલ, જિન પ્રરૂપિત ભાવકથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના અધ્યેતા તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે

અથવા વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્રનું આ સ્વરૂપ વિખ્યાત છે, વિજ્ઞાત છે.

આ પ્રમાણે આ સૂત્રમાં ચરણ-કરણની પ્રરૂપણા કરેલ છે.

**આ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિનું વર્ણન છે.**

## સૂત્ર-૧૪૪

જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર કેવા પ્રકારનું છે? તેમાં કોનું વર્ણન છે?

જ્ઞાતાધર્મકથાંગ સૂત્રમાં કથા નાયકોના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, ભગવાનના સમવસરણો તથા રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોક સંબંધી ઋદ્ધિ વિશેષ, ભોગોનો પરિત્યાગ દીક્ષાપર્યાય, શ્રુતનું અધ્યયન, ઉપધાન તપ, સંલેખના, ભક્ત પ્રત્યાખ્યાન, પાદપોપગમન, દેવલોકગમન, ફરી ઉત્તમ કુળમાં જન્મ, ફરી સમ્યક્ત્વની પ્રાપ્તિ, તત્પશ્ચાત્ અંતક્રિયા કરી મોક્ષની ઉપલબ્ધિ ઇત્યાદિ વિષયોનું વર્ણન છે.

જ્ઞાતા સૂત્રમાં ધર્મકથાઓના દસ વર્ગ છે, તેની એક-એક ધર્મકથામાં પાંચસો-પાંચસો આખ્યાન છે. એક-એક આખ્યાનમાં પાંચસો-પાંચસો ઉપાખ્યાન છે અને એક-એક ઉપાખ્યાનમાં પાંચસો-પાંચસો આખ્યાનોપાખ્યાન છે. આ

રીતે પૂર્વાપર મળીને **કુલ સાડા ત્રણ કરોડ કથાનક છે**. એવું કથન કરેલ છે.

જ્ઞાતાધર્મકથામાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક પરિમાણ છે, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

અંગસૂત્રની અપેક્ષાએ આ છટ્ઠુ અંગ છે. એમાં બે શ્રુતસ્કંધ, ઓગણત્રીસ અધ્યયન છે. ઓગણત્રીસ ઉદ્દેશનકાળ છે, ઓગણત્રીસ સમુદ્દેશનકાળ અને સંખ્યાત સહસ્ર પદ છે.

તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત પર્યવ પર્યાય), પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-અશાશ્વત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવ કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.

પ્રસ્તુત અંગનો અભ્યાસ કરનાર તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે.

અથવા આ જ્ઞાતાસૂત્રનું સ્વરૂપ છે, વિખ્યાત છે, વિજ્ઞાત છે.

આ પ્રમાણે એમાં ચરણ-કરણની વિશિષ્ટ પ્રરૂપણા કરેલ છે.

**આ જ્ઞાતાધર્મનું વર્ણન છે.**

## સૂત્ર-૧૪૫

ઉપાસકદશાંગ નામના અંગમાં કોનો અધિકાર છે ?

ઉપાસકદશાંગમાં શ્રમણોપાસકોના નગર, ઉદ્યાન, વ્યંતરાયતન, વનખંડ, સમવસરણ, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોકની ઋદ્ધિવિશેષ, ભોગ-પરિત્યાગ, દીક્ષા, સંયમની પર્યાય, શ્રુતનું અધ્યયન, ઉપધાન તપ, શીલવ્રત-ગુણવ્રત, વિરમણવ્રત-પ્રત્યાખ્યાન, પૌષધોપવાસને ધારણ કરનાર, પ્રતિમાઓને ધારણ કરનાર, ઉપસર્ગ, સંલેખના, અનશન, પાદપોપગમન, દેવલોકગમન, ફરી ઉચ્ચ કુળમાં ઉત્પત્તિ, બોધિ-સમ્યક્ત્વનો લાભ અને અંતક્રિયા ઈત્યાદિ વિષયોનું વર્ણન છે.

ઉપાસકદશાંગની પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક વિશેષ), સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

અંગની અપેક્ષાએ આ સાતમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ, દસ અધ્યયન, દસ ઉદ્દેશનકાળ, દસ સમુદ્દેશનકાળ છે. પદ પરિમાણથી સંખ્યાત હજાર પદ છે,

સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત જ્ઞાનના પર્યવ, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-કૃત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવોનું કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.

આ આગમનું સમ્યક્ પ્રકારે અધ્યયન કરનાર તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે.

અથવા આ પ્રકારે ઉપાસકદશાંગ સૂત્રનું સ્વરૂપ છે, તેમજ વિખ્યાત અને વિજ્ઞાત છે.

આમાં ચરણ-કરણની વિશિષ્ટ પ્રરૂપણા કરેલ છે.

**આ પ્રમાણે ઉપાસકદશાંગ સૂત્રનું વર્ણન છે.**

## સૂત્ર-૧૪૬

અંતકૃત્દશાંગ શ્રુતમાં કોનું વર્ણન છે ?

અંતકૃત્દશાંગ સૂત્રમાં કર્મનો અથવા જન્મ-મરણરૂપ સંસારનો અંત કરનારા મહાપુરુષોના નગર, ઉદ્યાન, વ્યંતરાયતન, વનખંડ, સમવસરણ, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોકની ઋદ્ધિ વિશેષ, ભોગ-પરિત્યાગ, દીક્ષા, સંયમની પર્યાય, શ્રુતનું અધ્યયન, શ્રુતનું ઉપધાન તપ, સંલેખના, ભક્ત-પ્રત્યાખ્યાન, પાદપોપ-ગમન, અંતક્રિયા આદિ વિષયોનું વર્ણન છે.

અંતકૃત્દશાંગમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક પરિમાણ, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

અંગની અપેક્ષાએ આ અંગ આઠમું છે. એમાં એક શ્રુતસ્કંધ છે, આઠ ઉદ્દેશનકાળ અને આઠ સમુદ્દેશનકાળ છે. પદ પરિમાણથી સંખ્યાત સહસ્ર પદ છે.

તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત જ્ઞાનના પર્યવ છે. પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-અશાશ્વત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવો, કથન, પ્રરૂપણ, પ્રજ્ઞાપન, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.

આ સૂત્રનું અધ્યયન કરનારા તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે.

અથવા આ પ્રકારે અંતકૃતદશાંગનું સ્વરૂપ છે તેમજ તે વિખ્યાત અને વિજ્ઞાત છે.

તેમાં આ પ્રમાણે ચરણ-કરણની પ્રરૂપણા કરી છે.

**આ અંતકૃતદશાંગ સૂત્રનું વર્ણન છે.**

## સૂત્ર-૧૪૭

અનુત્તરોપપાતિકદશાંગ સૂત્રમાં કોનું વર્ણન છે ?

અનુત્તરોપપાતિકદશાંગ સૂત્રમાં અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા પુણ્યશાળી આત્માઓના નગર, ઉદ્યાન, વ્યંતરાયતન, વનખંડ, સમવસરણ, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોકની ઋદ્ધિવિશેષ, ભોગપરિત્યાગ, દીક્ષા, સંયમની પર્યાય, શ્રુતનું અધ્યયન, ઉપધાન તપ, પ્રતિમાગ્રહણ, ઉપસર્ગ, અંતિમ સંલેખના, ભક્ત-પ્રત્યાખ્યાન, પાદપોપગમન અને મૃત્યુ પછી અનુત્તર સર્વોત્તમ વિજય આદિ વિમાનોમાં ઉત્પત્તિ, ફરી ત્યાંથી ચ્યવીને સુકુળની પ્રાપ્તિ, ફરી બોધિલાભ અને અંતક્રિયા આદિ વિષયોનું વર્ણન છે.

અનુત્તરોપપાતિકદશાંગમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત છંદ, સંખ્યાત શ્લોક વિશેષ), સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

અંગની અપેક્ષાએ આ નવમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે. ત્રણ વર્ગ, ત્રણ ઉદ્દેશનકાળ અને ત્રણ સમુદ્દેશન કાળ છે. પદ પરિમાણથી તેમાં સંખ્યાત સહસ્ર પદ છે.

તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત પર્યાય, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-કૃત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવોનું સામાન્ય અને વિશેષ રૂપે કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન સ્પષ્ટ કરેલ છે.

આ અંગનું સમ્યક્રૂપે અધ્યયન કરનારા તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે.

અથવા આ પ્રકારે અનુત્તરોપપાતિકદશાંગનું સ્વરૂપ છે તેમજ તે વિખ્યાત અને વિજ્ઞાત છે.

આ પ્રમાણે પ્રસ્તુત અંગમાં ચરણ-કરણની પ્રરૂપણા કરી છે.

**આ અનુત્તરોપપાતિકદશાંગ શ્રુતનો વિષય છે.**

## સૂત્ર-૧૪૮

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં કોનું વર્ણન છે ?

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં એકસો આઠ પ્રશ્ન એવા છે કે જે વિદ્યા, મંત્રવિધિથી જાપ વડે સિદ્ધ કરેલ છે અને પ્રશ્ન પૂછવા પર તે શુભાશુભ બતાવે.

એકસો આઠ અ-પ્રશ્ન છે અર્થાત્ પૂછ્યા વિના જ શુભાશુભ બતાવે.

એકસો આઠ પ્રશ્ન છે જે પૂછવાથી અથવા વગર પૂછ્યે સ્વયં શુભાશુભનું કથન કરે. જેમ કે – અંગુષ્ટ , બાહુ તેમજ આદર્શ.

એના સિવાય અન્ય પણ વિચિત્ર વિદ્યાતિશયનું કથન કરેલ છે અને નાગકુમારો અને સુવર્ણકુમારોની સાથે થયેલ મુનિઓના દિવ્ય સંવાદ પણ કહેલ છે.

પ્રશ્નવ્યાકરણમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

પ્રશ્નવ્યાકરણ શ્રુત અંગોની અપેક્ષાએ દશમુ અંગ છે. એમાં એક શ્રુતસ્કંધ, પિસ્તાલીસ અધ્યયન, પિસ્તાલીસ ઉદ્દેશનકાળ, પિસ્તાલીસ સમુદ્દેશનકાળ છે. પદ પરિમાણથી તેમાં સંખ્યાત સહસ્ર પદ છે.

તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત જ્ઞાનપર્યવ, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-અશાશ્વત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવોનું સામાન્ય અને વિશેષરૂપે કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન સુસ્પષ્ટ કરેલ છે.

પ્રશ્નવ્યાકરણના પાઠક તદાત્મરૂપ તેમજ જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે

અથવા આ પ્રશ્નવ્યાકરણનું સ્વરૂપ છે, તેમજ તે વિખ્યાત અને વિજ્ઞાત છે.

તેમાં આ પ્રમાણે ચરણ-કરણની પ્રરૂપણા કરેલી છે.

**આ પ્રશ્નવ્યાકરણનું વર્ણન છે.**

સૂત્ર-૧૪૯

વિપાકશ્રુતમાં કોનો અધિકાર છે ?

વિપાકશ્રુતમાં સુકૃત-દુષ્કૃત અર્થાત્ શુભાશુભ કર્મોના ફળનું કથન છે. વિપાકસૂત્રમાં દસ અધ્યયન દુઃખ વિપાકના અને દસ અધ્યયન સુખવિપાકના છે.

દુઃખવિપાકમાં શું બતાવ્યું છે ?

દુઃખવિપાકમાં દુઃખરૂપ ફળ ભોગવનારના નગર, ઉદ્યાન, વનખંડ, ચૈત્ય, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક તથા પરલોક સંબંધી ઋદ્ધિ, નરકગમન, ભવભ્રમણ, દુઃખપરંપરા, દુષ્કુળમાં જન્મ અને દુર્લભ બોધિત્વની પ્રરૂપણા છે. આ પ્રમાણે દુઃખવિપાકનું વર્ણન છે.

સુખવિપાક સૂત્રનું સ્વરૂપ શું છે ?

સુખવિપાક શ્રુતમાં સુખ ભોગવનારાઓના અર્થાત્ સુખરૂપ ફળને ભોગવનારા જીવોના નગર, ઉદ્યાન, વનખંડ, વ્યંતરાયતન, સમવસરણ, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક તથા પરલોક સંબંધી ઋદ્ધિ વિશેષ, ભોગોનો પરિત્યાગ, પ્રવ્રજ્યા (દીક્ષા), દીક્ષાપર્યાય, શ્રુતનું ગ્રહણ, ઉપધાનતપ, સંલેખના, ભક્ત-પ્રત્યાખ્યાન, પાદપોપ-ગમન, દેવલોકગમન, સુખોની પરંપરા, ફરી બોધિલાભ, અંતક્રિયા ઇત્યાદિ વિષયોનું વર્ણન છે.

વિપાકસૂત્રમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

અંગોની અપેક્ષાએ આ અગિયારમું અંગ છે. એમાં બે શ્રુતસ્કંધ છે. વીસ અધ્યયન, વીસ ઉદ્દેશનકાળ, વીસ સમુદ્દેશનકાળ છે. પદ પરિમાણથી તેમાં સંખ્યાત સહસ્ર પદ છે.

તેમાં સંખ્યાત અક્ષર, અનંતગમ, અનંત પર્યાય, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-અશાશ્વત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવોનું સામાન્ય અને વિશેષરૂપે કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન સુસ્પષ્ટ

કરેલ છે.

વિપાક શ્રુતનું અધ્યયન કરનારા એવંભૂત આત્મા, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે.

અથવા આ પ્રકારે વિપાક સુત્રનું સ્વરૂપ છે તેમજ તે વિખ્યાત અને વિજ્ઞાત છે.

તેમાં આ રીતે ચરણ અને કરણની પ્રરૂપણા કરેલી છે.

**આ વિપાક શ્રુતનું વર્ણન છે.**

**સૂત્ર-૧૫૦/૧**

દૃષ્ટિવાદમાં કોનું કથન છે ?

દૃષ્ટિવાદમાં સમસ્ત ભાવોની પ્રરૂપણા કરી છે. તે સંક્ષેપમાં પાંચ પ્રકારે છે, જેમ કે – ૧. પરિકર્મ, ૨. સૂત્ર, ૩. પૂર્વગત, ૪. અનુયોગ, ૫. ચૂલિકા.

**સૂત્ર-૧૫૦/૨**

પરિકર્મના કેટલા પ્રકાર છે ?

પરિકર્મ સાત પ્રકારના છે. જેમ કે – ૧. સિદ્ધશ્રેણિકા પરિકર્મ, ૨. મનુષ્ય શ્રેણિકા પરિકર્મ, ૩. પૃષ્ટશ્રેણિકા પરિકર્મ, ૪. અવગાઢ શ્રેણિકા પરિકર્મ, ૫. ઉપસંપાદન શ્રેણિકા પરિકર્મ, ૬. વિપ્ર જહત્ શ્રેણિકા પરિકર્મ, ૭. ચ્યુતાચ્યુત શ્રેણિકા પરિકર્મ.

**સૂત્ર-૧૫૦/૩**

સિદ્ધશ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારે છે ?

સિદ્ધશ્રેણિકા પરિકર્મ ૧૪ પ્રકારના છે, જેમ કે – ૧. માતૃકા પદ, ૨. એકાર્થપદ, ૩. અર્થપદ, ૪. પૃથગાકાશપદ-પૃથક્ત્વાકાશપદ, ૫. કેતુભૂત, ૬. રાશિબદ્ધ, ૭. એકગુણ, ૮. દ્વિગુણ, ૯. ત્રિગુણ, ૧૦. કેતુભૂત, ૧૧. પ્રતિગ્રહ, ૧૨. સંસાર પ્રતિગ્રહ, ૧૩. નંદાવર્ત, ૧૪. સિદ્ધાવર્ત.

આ રીતે સિદ્ધશ્રેણિકા પરિકર્મ બતાવેલ છે.

**સૂત્ર-૧૫૦/૪**

તે મનુષ્યશ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ?

મનુષ્યશ્રેણિકા પરિકર્મ ૧૪ પ્રકારના કહ્યા છે, જેમ કે – ૧. માતૃકાપદ, ૨. એકાર્થપદ, ૩. અર્થપદ, ૪. પૃથગાકાશપદ, ૫. કેતુભૂત, ૬. રાશિબદ્ધ, ૭. એકગુણ, ૮. દ્વિગુણ, ૯. ત્રિગુણ, ૧૦. કેતુભૂત, ૧૧. પ્રતિગ્રહ, ૧૨. સંસાર પ્રતિગ્રહ, ૧૩. નંદાવર્ત, ૧૪. મનુષ્યાવર્ત.

આ રીતે મનુષ્ય શ્રેણિકા પરિકર્મ બતાવેલ છે.

**સૂત્ર-૧૫૦/૫**

પૃષ્ટશ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારે છે ?

આ પૃષ્ટશ્રેણિકા પરિકર્મ ૧૧ પ્રકારના છે. જેમ કે – ૧. પૃથગાકાશપદ, ૨. કેતુભૂત, ૩. રાશિબદ્ધ, ૪. એકગુણ, ૫. દ્વિગુણ, ૬. ત્રિગુણ, ૭. કેતુભૂત, ૮. પ્રતિગ્રહ, ૯. સંસાર પ્રતિગ્રહ, ૧૦. નંદાવર્ત, ૧૧. પૃષ્ટાવર્ત.

આ પ્રમાણે પૃષ્ટશ્રેણિકા પરિકર્મ છે.

**સૂત્ર-૧૫૦/૬**

અવગાઢ શ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ?

અવગાઢ શ્રેણિકા પરિકર્મ ૧૧ પ્રકારના છે. જેમ કે – ૧. પૃથગાકાશપદ, ૨. કેતુભૂત, ૩. રાશિબદ્ધ, ૪.

એકગુણ, ૫. દ્વિગુણ, ૬. ત્રિગુણ, ૭. કેતુભૂત, ૮. પ્રતિગ્રહ, ૯. સંસાર પ્રતિગ્રહ, ૧૦. નંદાવર્ત, ૧૧. અવગાઢાવર્ત.

આ પ્રમાણે અવગાઢશ્રેણિકા પરિકર્મ છે.

સૂત્ર-૧૫૦/૭

તે ઉપસંપાદનશ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ?

તે ઉપસંપાદનશ્રેણિકા પરિકર્મ અગિયાર પ્રકારના છે, જેમ કે – ૧. પૃથગાકાશપદ, ૨. કેતુભૂત, ૩. રાશિબદ્ધ, ૪. એકગુણ, ૫. દ્વિગુણ, ૬. ત્રિગુણ, ૭. કેતુભૂત, ૮. પ્રતિગ્રહ, ૯. સંસાર પ્રતિગ્રહ, ૧૦. નંદાવર્ત, ૧૧. ઉપસંપાદનાવર્ત.

આ પ્રમાણે ઉપસંપાદનશ્રેણિકા પરિકર્મ શ્રુત છે.

સૂત્ર-૧૫૦/૮

વિપ્રજહત્ શ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ?

વિપ્રજહત્ શ્રેણિકા પરિકર્મ ૧૧ પ્રકારના કહ્યા છે. જેમ કે – ૧. પૃથગાકાશપદ, ૨. કેતુભૂત, ૩. રાશિબદ્ધ, ૪. એકગુણ, ૫. દ્વિગુણ, ૬. ત્રિગુણ, ૭. કેતુભૂત, ૮. પ્રતિગ્રહ, ૯. સંસાર પ્રતિગ્રહ, ૧૦. નંદાવર્ત, ૧૧. વિપ્રજહદાવર્ત.

આ વિપ્રજહત્ શ્રેણિકા પરિકર્મ છે.

સૂત્ર-૧૫૦/૯

ચ્યુતાચ્યુત શ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ?

ચ્યુતાચ્યુત શ્રેણિકા પરિકર્મ અગિયાર પ્રકારના છે, જેમ કે – ૧. પૃથગાકાશપદ, ૨. કેતુભૂત, ૩. રાશિબદ્ધ, ૪. એકગુણ, ૫. દ્વિગુણ, ૬. ત્રિગુણ, ૭. કેતુભૂત, ૮. પ્રતિગ્રહ, ૯. સંસાર પ્રતિગ્રહ, ૧૦. નંદાવર્ત, ૧૧. ચ્યુતાચ્યુતાવર્ત.

આ પ્રમાણે ચ્યુતાચ્યુત શ્રેણિકા પરિકર્મનું સ્વરૂપ છે.

આ અગિયાર પરિકર્મમાંથી પ્રારંભના છ પરિકર્મ ચાર નયોથી આશ્રિત છે. અંતિમ સાત પરિકર્મ ત્રિરાશિક છે.

આ ચ્યુતાચ્યુતશ્રેણિકા પરિકર્મ સંપૂર્ણ થયો.

સૂત્ર-૧૫૦/૧૦

તે સૂત્રરૂપ દૃષ્ટિવાદના કેટલા પ્રકાર છે ?

– સૂત્રરૂપ દૃષ્ટિવાદના બાવીસ પ્રકાર છે. જેમ કે – ૧. ઋજુસૂત્ર, ૨. પરિણતાપરિણત, ૩. બહુભંગીય, ૪. વિજયચરિત્ર, ૫. અનંતર, ૬. પરંપર, ૭. આસાન, ૮. સંયૂથ, ૯. સંભિન્ન, ૧૦. યથાવાદ, ૧૧. સ્વસ્તિકાવર્ત, ૧૨. નંદાવર્ત, ૧૩. બહુલ, ૧૪. પૃષ્ટાપૃષ્ટ, ૧૫. વ્યાવર્ત, ૧૬. એવંભૂત, ૧૭. દ્વિકાવર્ત, ૧૮. વર્તમાનપદ, ૧૯. સમભિરૂઢ, ૨૦. સર્વતોભદ્ર, ૨૧. પ્રશિષ્ય, ૨૨. દુષ્પ્રતિગ્રહ.

એ બાવીસ સૂત્ર છિન્નચ્છેદ નયની અપેક્ષાએ સ્વસમય સૂત્ર પરિપાટી અર્થાત્ સ્વદર્શનની વક્તવ્યતાને જ આશ્રિત છે.

આ જ બાવીસ સૂત્ર આજીવિક ગોશાલકના દર્શનની દૃષ્ટિએ અચ્છિન્નચ્છેદ નયથી કહેલ છે.

એ જ રીતે આ બાવીસ સૂત્ર ત્રિરાશિક સૂત્ર પરિપાટીથી ત્રણ નયનો સ્વીકાર કરે છે અને એ જ બાવીસ સૂત્ર સ્વસમય સિદ્ધાંતની દૃષ્ટિએ ચાર નયનો સ્વીકાર કરે છે.

આ રીતે પૂર્વાપર સર્વ મળીને અઠ્યાસી સૂત્ર થઈ જાય છે.

આ કથન તીર્થંકર પરમાત્માઓ અને ગણધર દેવોએ કર્યું છે. આ રીતે સૂત્રરૂપ દૃષ્ટિવાદનું વર્ણન છે.

સૂત્ર-૧૫૦/૧૧ થી ૧૫૩

૧૫૦/૧૧. પૂર્વગત-દૃષ્ટિવાદના કેટલા પ્રકાર છે ?

પૂર્વગત-દૃષ્ટિવાદના ચૌદ પ્રકાર છે, જેમ કે – ૧. ઉત્પાદપૂર્વ, ૨. અગ્રાયણીપૂર્વ, ૩. વીર્યપ્રવાદપૂર્વ, ૪.

અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વ, ૫. જ્ઞાનપ્રવાદપૂર્વ, ૬. સત્યપ્રવાદપૂર્વ, ૭. આત્મપ્રવાદપૂર્વ, ૮. કર્મપ્રવાદપૂર્વ, ૯. પ્રત્યા-ખ્યાનપૂર્વ, ૧૦. વિદ્યાનુપ્રવાદપૂર્વ, ૧૧. અવન્ધ્યપૂર્વ, ૧૨. પ્રાણાયુપૂર્વ, ૧૩. ક્રિયાવિશાળપૂર્વ, ૧૪. લોકબિંદુસારપૂર્વ.

૧. ઉત્પાદપૂર્વમાં દસ વસ્તુ અને ચાર ચૂલિકા વસ્તુ છે.

૨. અગ્રાણીયપૂર્વમાં ચૌદ વસ્તુ અને બાર ચૂલિકા વસ્તુ છે.

૩. વીર્યપ્રવાદપૂર્વમાં આઠ વસ્તુ અને આઠ ચૂલિકા વસ્તુ છે.

૪. અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વમાં અઢાર વસ્તુ અને દસ ચૂલિકા વસ્તુ છે.

૫. જ્ઞાનપ્રવાદપૂર્વમાં બાર વસ્તુ છે.

૬. સત્યપ્રવાદપૂર્વમાં બે વસ્તુ છે.

૭. આત્મપ્રવાદપૂર્વમાં સોળ વસ્તુ છે.

૮. કર્મપ્રવાદપૂર્વમાં ત્રણ વસ્તુ કહેલ છે.

૯. પ્રત્યાખ્યાનપૂર્વમાં વીસ વસ્તુ છે.

૧૦. વિદ્યાનુવાદપૂર્વમાં પંદર વસ્તુ કહેલ છે.

૧૧. અવંધ્યપૂર્વમાં બાર વસ્તુ બતાવી છે.

૧૨. પ્રાણાયુપૂર્વમાં તેર વસ્તુ છે.

૧૩. ક્રિયાવિશાળપૂર્વમાં ત્રીસ વસ્તુ કહેલ છે.

૧૪. લોકબિંદુસારપૂર્વમાં પચ્ચીસ વસ્તુ છે.

૧૫૧ થી ૧૫૩. સંગ્રહણી ગાથાનો ભાવાર્થ આ પ્રકારે છે– .

પહેલામાં ૧૦, બીજામાં ૧૪, ત્રીજામાં ૮, ચોથામાં ૧૮, પાંચમામાં ૧૨, છઠ્ઠામાં ૨, સાતમામાં ૧૬, આઠમામાં ૩૦, નવમામાં ૨૦, દસમામાં ૧૫, અગિયારમામાં ૧૨, બારમામાં ૧૩, તેરમામાં ૩૦ અને ચૌદમામાં ૨૫ વસ્તુ છે.

આદિના ચાર પૂર્વમાં ક્રમથી – પ્રથમમાં ૪, બીજામાં ૧૨, ત્રીજામાં ૮ અને ચોથા પૂર્વમાં ૧૦ ચૂલિકાઓ છે. શેષ પૂર્વોમાં ચૂલિકાઓ નથી.

**આ પ્રમાણે આ પૂર્વગત દષ્ટિવાદ અંગશ્રુતનું વર્ણન છે.**

## સૂત્ર-૧૫૪

૧૫૪/૧. અનુયોગ કેટલા પ્રકારનો છે ?

અનુયોગ બે પ્રકારનો છે, જેમ કે – ૧) મૂલપ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ.

મૂલપ્રથમાનુયોગમાં કોનું વર્ણન છે?

મૂલપ્રથમાનુયોગમાં અરિહંત ભગવંતના પૂર્વભવોનું વર્ણન છે.

તેમનું દેવલોકમાં જવું, દેવલોકનું આયુષ્ય, દેવલોકથી ચ્યવીને તીર્થંકર રૂપે જન્મ, દેવાદિકૃત જન્માભિષેક, રાજ્યાભિષેક, પ્રધાન રાજ્યલક્ષ્મી, પ્રવ્રજ્યા (મુનિ દીક્ષા),

ત્યારબાદ ઘોર તપશ્ચર્યા, કેવળજ્ઞાનની ઉત્પત્તિ, તીર્થની પ્રવૃત્તિ કરવી, શિષ્ય સમુદાય, ગણ, ગણધર, આર્યાજીઓ, પ્રવર્તિનીઓ, ચતુર્વિધ સંઘની પરિમાણ સંખ્યા, જિન-સામાન્ય કેવળી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની તેમજ સમ્યગ્જ્ઞાની, વાદી, અનુત્તરગતિ અને વૈક્રિયધારી મુનિ, જેટલા મુનિ સિદ્ધ થયા હોય,

મોક્ષ માર્ગ જેણે બતાવ્યો, જેટલા સમય સુધી પાદપોપગમન સંથારો કર્યો હોય, જે સ્થાન પર જેટલા ભક્તોનું છેદન કરી કર્મોનો અંત કર્યો હોય, અજ્ઞાન અંધકારના પ્રવાહથી મુક્ત થઈને જે મહામુનિએ મોક્ષના સુખને પ્રાપ્ત કર્યું

હોય ઈત્યાદિ અને એ સિવાય અન્ય ભાવો પણ મૂલપ્રથમાનુયોગમાં પ્રતિપાદિત કરેલ છે.

**આ પ્રમાણે મૂલપ્રથમાનુયોગનું વર્ણન છે.**

૧૫૪/૨. ગંડિકાનુયોગ કોને કહેવાય ?

ગંડિકાનુયોગમાં કુલકરગંડિકા, તીર્થંકરગંડિકા, ચક્રવર્તીગંડિકા, દશારગંડિકા, બલદેવગંડિકા, વાસુદેવ ગંડિકા, ગણધરગંડિકા, ભદ્રબાહુગંડિકા, તપકર્મગંડિકા, હરિવંશગંડિકા, ઉત્સર્પિણીગંડિકા, અવસર્પિણીગંડિકા, ચિત્રાંતરગંડિકા, તથા

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકગતિમાં ગમન અને વિવિધ પ્રકારના સંસારમાં પર્યટન ઈત્યાદિ ગંડિકાઓ કહી છે. આ રીતે પ્રજ્ઞાપન કરેલ છે.

**આ પ્રકારે ગંડિકા અનુયોગનું વર્ણન છે.**

**સૂત્ર-૧૫૪/૩**

ચૂલિકા શું છે ?

આદિના ચાર પૂર્વમાં ચૂલિકાઓ છે. શેષ પૂર્વોમાં ચૂલિકાઓ નથી. આ ચૂલિકારૂપ દૃષ્ટિવાદનું વર્ણન છે.

**સૂત્ર-૧૫૪/૪**

દૃષ્ટિવાદ સૂત્રમાં પરિમિત વાચના, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગની અપેક્ષાએ દૃષ્ટિવાદ એ બારમુ અંગ છે. તેનો એક શ્રુતસ્કંધ છે અને તેમાં ચૌદ પૂર્વ છે. સંખ્યાત વસ્તુ-અધ્યયન વિશેષ, સંખ્યાત ચૂલિકા વસ્તુ, સંખ્યાત પ્રાભૃત, સંખ્યાત પ્રાભૃતપ્રાભૃત, સંખ્યાત પ્રાભૃતિકાઓ, સંખ્યાત પ્રાભૃતિકાપ્રાભૃતિકાઓ છે.

તે પરિમાણમાં સંખ્યાત પદ સહસ્ર છે. તેમાં અક્ષર સંખ્યાત અને અનંત ગમ-અર્થ છે, અનંત પર્યવ પરિમિત ત્રસ અને અનંત સ્થાવર છે. શાશ્વત-અશાશ્વત નિબદ્ધ, નિકાચિત જિનપ્રણિત ભાવ તેમાં સામાન્ય રૂપે કથન, પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટતર કહેલ છે.

દૃષ્ટિવાદનો અધ્યેતા તદ્રૂપ થઈ જાય છે. ભાવોનો યથાર્થ જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે.

અથવા દૃષ્ટિવાદનું આ સ્વરૂપ છે, આ પ્રકારે તે વિખ્યાત અને વિજ્ઞાત છે.

તેમાં આ રીતે ચરણ-કરણની પ્રરૂપણા કરવામાં આવી છે.

**આ દૃષ્ટિવાદ અંગ સૂત્રનું વર્ણન છે.**

**સૂત્ર-૧૫૫ , ૧૫૬**

૧૫૫. આ દ્વાદશાંગ ગણિપિટકમાં અનંત જીવાદિભાવ, અનંત અભાવ, અનંત હેતુ, અનંત અહેતુ, અનંત કારણ, અનંત અકારણ, અનંત જીવ, અનંત અજીવ, અનંત ભવસિદ્ધિક, અનંત અભવસિદ્ધિક, અનંત સિદ્ધ, અનંત અસિદ્ધનું કથન કરેલ છે.

૧૫૬. ભાવ અને અભાવ, હેતુ અને અહેતુ, કારણ અને અકારણ, જીવ અને અજીવ, ભવ્ય અને અભવ્ય, સિદ્ધ અને અસિદ્ધ. એ રીતે સંગ્રહણી ગાથારૂપે ઉક્ત વિષયોનું સંક્ષેપમાં પુનર્કથન કરેલ છે.

**સૂત્ર-૧૫૭/૧**

આવા આ દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની ભૂતકાળમાં અનંત જીવોએ વિરાધના કરીને ચાર ગતિ રૂપ સંસાર કંતારમાં ભ્રમણ કર્યું.

આવા આ દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની વર્તમાનકાળમાં પરિમિત જીવો વિરાધના કરીને ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે.

આવા આ દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની આગામી કાળમાં અનંત જીવો વિરાધના કરીને ચતુર્ગતિ રૂપ સંસાર-કંતારમાં પરિભ્રમણ કરશે.

**સૂત્ર-૧૫૭/૨**

આવા આ દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની આરાધના ભૂતકાળમાં કરીને અનંત જીવ સંસારરૂપ અટવીનો પાર પામી ગયા છે.

આ બાર અંગરૂપ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની વર્તમાનકાળમાં પરિમિત જીવ આરાધના કરીને ચતુર્ગતિ રૂપ સંસાર કંતારને પાર કરે છે.

આ દ્વાદશાંગ રૂપ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની ભવિષ્યકાળમાં આરાધના કરીને અનંત જીવ ચાર ગતિ રૂપ સંસાર કંતારને પાર કરશે.

**સૂત્ર-૧૫૭/૩**

આ દ્વાદશાંગ ગણિપિટક ક્યારેય ન હતુ એમ નહીં અર્થાત્ સદૈવ ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્ય કાળમાં રહેશે.

આ દ્વાદશાંગ ગણિપિટક મેરુની જેમ ધ્રુવ છે, જીવાદિની જેમ નિયત છે, પંચાસ્તિકાયની જેમ નિત્ય છે. ગંગા સિંધુના પ્રવાહની જેમ શાશ્વત છે. ગંગા સિંધુના મૂળ સ્રોતની જેમ અક્ષય છે, અથવા આકાશની જેમ અક્ષય છે. માનુષોત્તર પર્વતની બહાર રહેલા સમુદ્રની જેમ અવ્યય છે, જંબૂદ્વીપની જેમ સદાકાળ પોતાના પ્રમાણમાં અવસ્થિત છે અને નિત્ય છે.

ક્યારેય ન હતુ એમ નહીં, વર્તમાનમાં નથી એમ પણ નહીં અને ભવિષ્યમાં ન રહેશે એમ પણ નહીં.

જેમ પંચાસ્તિકાય ક્યારેય ન હતું એમ નહીં, ક્યારેય નથી એમ નહીં, ક્યારેય નહીં રહેશે એમ પણ નહીં અર્થાત્ ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. તે ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત અને નિત્ય છે.

એ જ રીતે આ દ્વાદશાંગ રૂપ ગણિપિટક ક્યારેય ન હતુ એમ નહીં, વર્તમાનમાં નથી એમ નહીં અને ભવિષ્યમાં નહીં હશે એવું નહીં, ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. એ ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે અને નિત્ય છે.

તે સંપૂર્ણ શ્રુતજ્ઞાન સંક્ષેપમાં ચાર પ્રકારે છે, જેમ કે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

૧) દ્રવ્યથી શ્રુત જ્ઞાની-ઉપયોગ યુક્ત થઈને સર્વ દ્રવ્યોને જાણે છે અને દેખે છે.

૨) ક્ષેત્રથી શ્રુતજ્ઞાની-ઉપયોગ યુક્ત થઈને સર્વ ક્ષેત્રને જાણે છે અને દેખે છે.

૩) કાળથી શ્રુતજ્ઞાની-ઉપયોગ સહિત સર્વ કાળને જાણે છે અને દેખે છે.

૪) ભાવથી શ્રુતજ્ઞાની- ઉપયોગ સહિત સર્વ ભાવોને જાણે છે અને દેખે છે.

**સૂત્ર-૧૫૮ થી ૧૬૩**

૧૫૮. ૧. અક્ષર અને અનક્ષર ૨. સંજ્ઞી અને અસંજ્ઞી ૩. સમ્યક્ અને અસમ્યક્ ૪. સાદિ અને અનાદિ, ૫.

સપર્યવસિત અને અપર્યવસિત, ૬. ગમિક અને અગમિક, ૭. અંગપ્રવિષ્ટ અને અનંગપ્રવિષ્ટ. પ્રતિપક્ષ સાથે આ સાતેયના કુલ ચૌદ ભેદ છે.

૧૫૯. બુદ્ધિના આઠ ગુણો વડે જેણે આગમ શાસ્ત્રનું અધ્યયન તેમજ શ્રુતજ્ઞાનનો લાભ સારી રીતે મેળવ્યો હોય તેને ધીર-ગંભીર તેમજ શાસ્ત્રવિશાદ કહેવાય છે.

૧૬૦. તે આઠ ગુણ આ પ્રમાણે છે –

૧. વિનયયુક્ત શિષ્ય ગુરુના સાન્નિધ્યમાં રહી શ્રુતજ્ઞાનનું અધ્યયન કરે.

૨. જ્યારે શંકા ઉત્પન્ન થાય ત્યારે વિનમ્ર બનીને ગુરુને પૂછે.

૩. ગુરુ દ્વારા કહેવામાં આવતા સમાધાનને સમ્યક્ પ્રકારે સાંભળે.

૪. સાંભળ્યા બાદ તેના જ અભિપ્રાયને ગ્રહણ કરે.

૫. ગ્રહણ કર્યા પછી પૂર્વાપર અવિરોધી પર્યાલોચન કરે છે.

૬. ત્યારબાદ આ એમ જ છે જેમ ગુરુજી કહે છે, એમ સ્વીકાર કરે.

૭. ત્યારબાદ નિશ્ચિત અર્થને હૃદયમાં સમ્યક્રૂપે ધારણ કરે.

૮. પછી ગુરુના કહેવા મુજબ પ્રતિપાદન કરે અને તેના અનુસાર આચરણ કરે.

આ બુદ્ધિની વૃદ્ધિના આઠ ગુણો છે.

હવે શ્રવણવિધિના પ્રકારો જણાવે છે–

૧૬૧. ૧. શિષ્ય મૌન રહીને સાંભળે. ૨. પછી હુંકાર 'જી હા' એમ. કહે.

૩. ત્યારબાદ 'આ એમ જ છે જેમ ગુરુદેવે કહ્યું છે.' એ વાતને શ્રદ્ધાપૂર્વક સ્વીકારે.

૪. ત્યારબાદ કદાચ શંકા હોય તો ગુરુદેવને પૂછે કે – 'આનો અર્થ શું છે ?'

૫. પછી મીમાંસા કરે અર્થાત્ વિચાર કરે.

૬. ત્યારે ઉત્તરોત્તર ગુણ પ્રસંગ વડે શિષ્ય પારગામી બની જાય છે.

૭. ત્યારબાદ તે ચિંતન-મનન વડે ગુરુ જેમ કહે તેમ ભાષણ અને શાસ્ત્રની પ્રરૂપણા કરે.

આ શાસ્ત્ર સાંભળવાની ઉત્તમ વિધિ છે.

૧૬૨. આચાર્યાદિ વડે પ્રથમ વાચનામાં શિષ્યને સૂત્ર અને અર્થ કહેવાય છે,

બીજી વારમાં સૂત્રસ્પર્શિક નિર્યુક્તિનું કથન કરાય છે,

ત્રીજી વારની વાચનામાં -સમાધાન સાથે વિસ્તારથી સંપૂર્ણ વ્યાખ્યા સમજાવવામાં આવે છે.

આ પ્રમાણે અનુયોગની એટલે કે શિષ્યને શાસ્ત્રાર્થ ભણાવવાની વિધિ હોય છે.

તાત્પર્ય એ છે કે આ પ્રકારે યોગ્ય શિષ્યોને ત્રણ વારમાં દરેક સૂત્રની સંપૂર્ણ અર્થ પરમાર્થ સહિત વાચના કરાવવાની ફરજ તેના ગુરુ, વડીલ કે આચાર્ય-ઉપાધ્યાયની હોય છે.

૧૬૩. આ પ્રમાણે અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતનું વર્ણન પૂરું થયું.

તેની સાથે આ શ્રુતજ્ઞાનનો વિષય પણ પૂર્ણ થયો.

તેના પૂર્ણ થતા આ પરોક્ષ જ્ઞાનનું વર્ણન પૂર્ણ થયું. આ પ્રમાણે શ્રી નંદીસૂત્ર પણ પરિપૂર્ણ થયું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ નંદી–ચૂલિકાસૂત્રનો અનુવાદ પૂર્ણ

# પરિશિષ્ઠ: ૧ અનુજ્ઞા નંદી

*** નોંધ– આનું સ્વરૂપ અનુયોગદ્વારમાં આરંભસુંદર રીતે આવે છે. અહી તો માત્ર તેનો સંક્ષેપ જ રાજુકરેલ છે.

[૧] તે અનુજ્ઞા શું છે ? અનુજ્ઞા છ પ્રકારે છે–નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ.

નામ અનુજ્ઞા શું છે ? જેનું જીવ અનુજ્ઞા, અજીવ અનુજ્ઞા, જીવો અનુજ્ઞા, અજીવો અનુજ્ઞા, તદુભય અનુજ્ઞા કે તદુભયો અનુજ્ઞા એવું નામ કરાયું હોય, તેને નામ અનુજ્ઞા કહે છે.

તે સ્થાપના અનુજ્ઞા શું છે ? જે કોઈ કાષ્ઠ, પત્થર, લેપ, ચિત્ર, ગ્રંથિમ, પૂરીમ, સંઘાતિમ એવા એક કે અનેક અક્ષ, વરાટકમાં સદ્‌ભાવ સ્થાપના કે અસદ્‌ભાવ સ્થાપના કરીને સ્થપાય તે સ્થાપના અનુજ્ઞા.

નામ અને સ્થાપનામાં વિશેષતા શું ? નામ યાવત્કથિત છે. સ્થાપના ઇત્વરકાલિક કે યાવત્કથિત બંને હોય.

દ્રવ્યઅનુજ્ઞા શું છે ? જુનું અનુજ્ઞા એ પદ શિક્ષા– સ્થિત–જીત– મિત–પરીજીત–નામસમ–ઘોસસમ–અહિનાક્ષર–અનાલ્પક્ષર– અવ્યાધિઅક્ષર– અસ્ખલિત– અમિલિત– અવચ્ચામિલિત– પ્રતીપૂર્ણ–પ્રતિપૂર્ણઘોસ– કંઠોષ્ઠ–વિપ્રમુક્ત– ગુરુવાચનપ્રાપ્ત– તે નૈગમ નયથી એકે અનુપદેશેલ આગમથી એક દ્રવ્ય અનુજ્ઞા. એ રીતે બે ત્રણ એમ જેટલી અનુપદેશાય તેટલી દ્રવ્યઅનુજ્ઞા.

એ જ રીતે વ્યવહાર કે સંગ્રહ નયથી એક કે અનેક અનુપદેશ તે આગમથી એક દ્રવ્ય અનુજ્ઞા, તે કેટલાક ઇચ્છતા નથી. ત્રણે શબ્દનયોથી જાણે. અનુપદેશ અવસ્તુ કેમ જાણે અનુપદેશથી ન થાય, તે આગમથી દ્રવ્યાનુજ્ઞા.

નો આગમથી દ્રવ્ય અનુજ્ઞા ત્રણ પ્રકારે. ૧. જ્ઞ શરીર, ૨. ભવ્ય શરીર, ૩. ઉભય વ્યતિરિક્ત.

તે શરીર દ્રવ્ય અનુજ્ઞા શું છે ? પદમાં રહેલ અવિકારને જે શરીરથી અર્થાત જ્ઞાન વસ્તુને કોઈપણ સ્થિતમાં જાણે તે શરીર દ્રવ્ય અનુજ્ઞા કહેવાય છે.

તે ભવ્ય શરીર દ્રવ્ય અનુજ્ઞા શું છે ? જેમ કે કોને ખબર, આ મધુકુંભ હશે કે ઘીનો કુંભ હશે ? તે ભવ્ય શરીર દ્રવ્ય અનુજ્ઞા કહેવાય છે.

ઉભય વ્યતિરિક્ત દ્રવ્ય અનુજ્ઞા શું છે ? તે ત્રણ પ્રકારે છે– ૧. લૌકિક, કુપ્રાવચનિક, લોકોત્તર.

તે લૌકિક દ્રવ્ય અનુજ્ઞા શું છે ? તે ત્રણ પ્રકારે છે– સચિત્ત, અચિત, મિશ્ર.

૧. સચિત્ત લૌકિક દ્રવ્ય અનુજ્ઞા એટલે રાજા યુવરાજ આદિ નામો જે હાથી વગેરેની અનુજ્ઞા છે. ૨. અચિત લૌકિક દ્રવ્ય અનુજ્ઞા એટલે રાજા યુવરાજ વગેરે આસન છત્ર આદિ આપે તે. ૩. મિશ્ર દ્રવ્ય અનુજ્ઞા એટલે તે રાજા, યુવરાજ વગેરે અંબાડીવાળો હાથી કે ચામર સહીત ઘોડો વગેરેની અનુજ્ઞા આપ તે.

એ જ રીતે કુપ્રાવચનિક દ્રવ્ય અનુજ્ઞા પણ ત્રણ પ્રકારે છે– સચિત્ત, અચિત અને મિશ્ર. લોકોત્તર દ્રવ્ય અનુજ્ઞા પણ ત્રણ ભેદે જાણવી– સચિત્ત, અચિત અને મિશ્ર.

તે ક્ષેત્ર અનુજ્ઞા શું છે ? જે ક્ષેત્રની અનુજ્ઞા આપે, તેને ક્ષેત્રાનુજ્ઞા કહે છે.

તે કાળ અનુજ્ઞા શું છે ? જે કાળની અનુજ્ઞા અપાય તેને કાલાનુજ્ઞા કહે છે.

તે ભાવ અનુજ્ઞા શું છે ? ભાવાનુજ્ઞા ત્રણ ભેદે છે– લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તર. અહી પહેલી બેમાં ક્રોધ આડી ભાવ વિષયક અનુજ્ઞા આવે અને લોકોત્તારમાં આચારાંગ આદિનું જ્ઞાન આપવું તે આવે.

[૨-૪] ઋષભસેન એવા આદિકરના શિષ્યે અનુજ્ઞા સંબંધી વાત કરી તેના અનુજ્ઞા, ઉરિમણી, નમણી વગેરે વિશ નામો છે.

***********************************************************

# પરિશિષ્ઠ: ૨ જોગ નંદી

જ્ઞાન પાંચ પ્રકારે છે– આભિનિબોધિક જ્ઞાન, શ્રુત જ્ઞાન, અવધિ જ્ઞાન, મન:પર્યવ જ્ઞાન અને કેવલ જ્ઞાન. તેમાં ચાર જ્ઞાનોની સ્થાપના કરી. તેનો ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા નથી. શ્રુતજ્ઞાનના ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞાનો અનુયોગ પ્રવર્તે છે.

જો શ્રુતજ્ઞાનનો ઉદ્દેશ આદિ છે, તો તે અંગ પ્રવિષ્ટનો છે કે અંગ બાહ્યનો ? બંનેના ઉદ્દેશ આદિ છે.

જો અંગબાહ્યના ઉદ્દેશ આદિ છે તો તે કાલિક્ના છે કે ઉત્કાલિક્ના છે ? તે બંનેના ઉદ્દેશ આદિ છે.

તે ઉદ્દેશ આદિ આવશ્યકના ઉદ્દેશ આદિ છે કે આવશ્યક વ્યતિરિક્તના ઉદ્દેશ આદિ છે ? તે બંનેના ઉદ્દેશ આદિ છે.

આવશ્યકમાં પણ સામાચિક આદિ છ એ ના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા છે.

આવશ્યક વ્યતિરિક્તમાં કાલિક અને ઉત્કાલિક બંનેના ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા છે અર્થાત "દશ વૈકાલિક"થી "મહાપ્રત્યાખ્યાન" સુધીના સર્વે ઉત્કાલિક સૂત્રો અને "ઉત્તરાધ્યયન" થી તેયગ્ગી નિસગ્ગાણ" સુધીના કાલિક સૂત્રોના ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા પ્રવર્તે છે.

એ જ રીતે "અંગપ્રવિષ્ટ"સૂત્રો માં પણ "આચાર" અંગસૂત્રથી "દૃષ્ટિવાદ" અંગસૂત્ર સુધીના ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા પ્રવર્તે છે.

ક્ષમાશ્રમણ અર્થાત સાધુના હાથે સૂત્ર-અર્થ-તદુભયના ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા હું સાધુને કરું છું.

*********************************************

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**-1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**-2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:- **1. www.jainelibrary.org** **2. deepratnasagar.in**
ઈમેલ એડ્રેસ:- **jainmunideepratnasagar@gmail.com** મોબાઈલ **09825967397**

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
**Post:** - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, **India.** **[Pin-** 36**1120**]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૪

# નંદીસૂત્ર

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

'વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397